RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 326* Date: 23.09.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### દેશમાં તાવ, શરદી, ઉધરસ જેવી સામાન્ય બિમારીઓની જેમ કોરોના રહેશે

# ભારતમાં હવે નહીં આવે ત્રીજી લહેર : રણદીપ ગુલેરિયા

ન્યુ દિલ્હી, તા.૨૨

ભારતમાં ધીમે ધીમે કોરોનાની ગતિ ધીમે પડી ગઈ છે ત્યારે નવા કેસોની સંખ્યા પણ ઓછી થઈ ગઈ છે અને દેશના ઘણા ખરા રાજ્યો તથા શહેરોમાં તો એક પણ કેસ નોંધાતા ન હોવાને કારણે સરકારે પણ કહ્યું છે કે ભારતમાં હવે ત્રીજી લહેર નહીં આવે પરંતુ રણદીપ ગુલેરિયા દ્વારા કરહેવામાં આવ્યું છે કે ભારત જેવા મોટા દેશમાં આટલા મોટા પ્રમાણમાં રસીકરણ થઈ રહ્યું છે અને ૮૨ કરોડથી વધારે હાલ રસીકરણ થઈ ગયુ છે ત્યારે હવે કોરોનાની ત્રીજી લહેરનો ભય ઓછો છે પરંતુ કોરોના ના કેસ આવસે પણ હવે દેશમાં કોરોના સામાન્ય રોગો જેવો રહેશે તાવ, શરદી, ઉધરસ જેવી સામાન્ય બિમારીઓની જેમ કોરોના રહેશે. ભારતમાં કોરોના વિરુદ્ધ સતત વેક્સિનેશનનું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, કુલ વેક્સિનેશનનો આંક ૮૨ કરોડ ૬૫ લાખ ૧૫ હજાર ૭૫૪ થઈ ગયો છે.સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું હતું કે એક્ટિવ કેસમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૦.૯૦ ટકા છે, જે માર્ચ ૨૦૨૦ પછીનો સૌથી ઓછો આંક છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા આપવામાં આવેલા આંકડામાં જણાવ્યું છે કે ૨૪ કલાકના સમયમાં એક્ટિવ દર્દીઓની સંખ્યામાં ૭,૫૮૬નો ઘટાડો જોવા મળ્યો છે. જ્યારે દર્દીઓનો સ્વસ્થ થવાનો દર ૯૭.૭૭ ટકા થઈ ગયો છે, જે માર્ચ ૨૦૨૦ પછીનો સૌથી વધારે છે.

કોરોનાની ત્રીજી લહેરની વાતો વચ્ચે હવે દેશમાં ૧૨-૧૮ વર્ષનાં બાળકોનું વેક્સિનેશન આવતા મહિનાથી શરૂ થવાનું છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે દેશમાં બાળકોની ટ્રાયલ કોવેક્સિન ભારત બાયોટેક દ્વારા કરવામાં આવી રહ્યું છે. નોંધનીય છે કે જેના પર ટ્રાયલ ચાલી રહી છે તે બાળકોની સંખ્યા ૧૦૦૦ સુધી પહોંચી ગઈ છે. તેના ત્રીજા ફેઝની ટ્રાયલ પૂરી થઈ ગઈ છે. કંપનીએ કહ્યું હતું કે આવતા સપ્તાહે થર્ડ ફેઝનો ડેટા ઢ્ય્ઝેંને સોંપવામાં આશે. જ્યારે કંપનીનું કહેવું છે કે વેક્સિનનું ઉત્પાદન ઓક્ટોબરમાં ૫.૫ કરોડ ડોઝ સુધી પહોંચી જશે, જે સપ્ટેમ્બરમાં ૩.૫ કરોડ ડોઝના આંક કરતાં ઘણો વધારે છે.દેશમાં કોરોના વાઈરસની બીજી લહેર હવે ઘણી નબળી પડી ગઈ છે. વાઈરસને કારણે સંક્રમિતોની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે.

મંગળવારે સંક્રમણના ૨૬ હજાર કેસ નોંધાયા હતા અને તેની સાથે જ ૨૫૨ લોકોનાં મોત થયાં છે. આ દરમિયાન દિલ્હી એઈમ્સના ડિરેક્ટર ડૉ. રણદીપ ગુલેરિયાના જણાવ્યા પ્રમાણે, કોરોના હવે મહામારી રહી નથી. દેશમાં કોરોનાની ત્રીજી લહેર આવવાની શક્યતા ખૂબ નહિવત્ છે, જોકે તેમણે એલર્ટ કર્યા છે કે જ્યાં સુધી ભારતમાં દરેક વ્યક્તિને વેક્સિન ના લાગી જાય ત્યાં સુધી સતર્ક રહેવાની જરૂર છે. ડોક્ટર ગુલેરિયાએ કહ્યું હતું કે લોકોએ તહેવારોમાં ભીડથી દૂર રહેવાની જરૂર છે. ભારતમાં હવે સંક્રમિતોના આંક ૨૫ હજારથી ૪૦ હજારની વચ્ચે આવી રહ્યા છે. જો લોકો સાવધાન રહે તો કોરોના સંક્રમણના કેસ ધીમે ધીમે ઘટી શકે છે. તેમણે કહ્યું હતું કે દેશમાં કોરોના સંપૂર્ણ રીતે હવે ક્યારેય સમાપ્ત નહીં થાય, પરંતુ ભારતમાં જે પ્રમાણે ઝડપથી વેક્સિનેશન થઈ રહ્યું છે એ જોતાં લાગે છે કે હવે એ મોટે પાયે ફેલાશે નહીં. એઈમ્સના ડિરેક્ટર ડોક્ટર ગુલેરિયાએ કહ્યું હતું કે કોરોના વાઈરસ ખૂબ ટૂંક સમયમાં સામાન્ય ફ્લૂ એટલે કે સામાન્ય ખાંસી-શરદી અને તાવ જેવો થઈ જશે, કારણ કે લોકોમાં હવે આ વાઈરસ સામેની ઈમ્યુનિટી આવી ગઈ છે. જોકે વધારે બીમાર અને ઓછી ઈમ્યુનિટીવાળા લોકો માટે હજી પણ આ વાઈરસ જીવલેણ સાબિત થઈ શકે છે. ડોક્ટર ગુલેરિયાએ કહ્યું હતું કે ભારતમાં



પ્રાથમિકતા એ છે કે દરેક લોકોને વેક્સિનના બંને ડોઝ લગાવવામાં આવે. બાળકોને પણ વેક્સિન આપવામાં આવે. ત્યાર પછી જ બૂસ્ટર ડોઝ પર ભાર આપવો જોઈએ. તેમણે કહ્યું હતું કે થોડા સમય પછી ખૂબ બીમાર, વૃદ્ધો અથવા નબળી ઈમ્યુનિટીવાળા લોકોને જ બૂસ્ટર ડોઝ આપવામાં આવી શકે છે. એ પણ જરૂરી નથી કે બૂસ્ટર ડોઝ એને જ આપી શકાય જેણે અગાઉ બે વેક્સિન લીધેલી હોય. જોકે આ વિશે પહેલાં એક પોલિસી બનાવવામાં આવશે. ગુલેરિયાએ કહ્યું હતું કે અમુક લોકોને બૂસ્ટર ડોઝની જરૂર પડી શકે છે. આ બૂસ્ટર ડોઝ વેક્સિનના બીજા ડોઝ તરીકે પણ આપવામાં આવી શકે છે, પરંતુ આ વિશે હજી નિર્ણય લેવામાં આવશે, પહેલા દરેકને વેક્સિનનો પહેલો ડોઝ મળે એ જરૂરી છે, ત્યાર પછી બૂસ્ટર ડોઝ આપવામાં આવશે. ડોક્ટર ગુલેરિયાએ કહ્યું હતું કે ડિસેમ્બર સુધી દેશમાં દરેક લોકોને વેક્સિનનો પહેલો ડોઝ મળી જાય એવો લક્ષ્યાંક રાખવામાં . આવ્યો છે.

## મોદી સરકાર દ્વારા સાતમુ પગારપંચને લઈ કર્મચારીઓને થશે ફાયદો

નવી દિલ્હી ,તા.૨૧

ઈન્ડિયન રેલવે અને બીજા કેન્દ્રીય ઉદ્યમ ના કર્મચારીઓ પર પણ મોદી સરકારની મહેરબાની થઈ ગઈ છે. સરકારે આ ઉદ્યમોમાંથી જાન્યુઆરી ૨૦૨૦થી ૨૦૨૧ વચ્ચે રિટાયર્ડ થાવ વાળા લોકો માટે મોટા ફાયદાની વાત કરી છે.

સરકારે આ રીટાયર કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૧૧% વધારો કરવા રાજી થઈ ગઈ છે. એમાં જુનિયરથી સિનિયર લેવલના કર્મચારીઓને રિટાયરમેન્ટ ફંડમાં લગભગ ૧ લાખથી ૭ લાખ રૂપિયા સુધીનો ફાયદો Gratuity અને Leave Encashment તરીકે થશે Indian Railways ના Pay Commission VII અને HRMSના ડેપ્યુટી ડાયરેક્ટર જય કુમાર મુજબ કેન્દ્ર સરકારે રીટાયર કર્મચારીઓને પહેલા જ મોંઘવારી ભથ્થામાં વધારો કરી લાભ આપ્યો છે. હવે બચેલા લોકોને એનો ફાયદો આપવામાં આવી રહ્યો છે. એ હેઠળ રેલવેના તમામ ઝોનના રીટાયર કર્મચારી આવશે. ઢછ્ ની ગણતરી કરતા AG ઓફિસ બ્રધરહુડ, પ્રયાગરાજના ભૂતપૂર્વ પ્રમુખ HS તિવારીએ જણાવ્યું હતું કે જો કર્મચારીનો મૂળ પગાર નિવૃત્તિ સમયે ૪૦ હજાર રૂપિયા હોય તો તેને મોંઘવારી ભથ્થામાં ૧૧ ટકાના વધારાનો મોટો લાભ મળશે. . તેમની Gratuity અને Leave Encashment રકમ લગભગ ૧૧૭૦૦૦ રૂપિયા વધશે. બીજી બાજુ, જો મૂળ પગાર મહિને ૨૫૦૦૦૦ રૂપિયા છે તો નિવૃત્તિ ભંડોળમાં ૭ લાખ રૂપિયાથી વધુનો વધારો થશે. એચએસ તિવારીએ કહ્યું કે સરકારે નક્કી કર્યું છે કે ૧ જાન્યુઆરી, ૨૦૨૦ થી ૩૦ જૂન, ૨૦૨૦ વચ્ચે નિવૃત્ત થનારાઓને ૨૧ ટકા ડીએ મુજબ ગ્રેચ્યુઈટી અને લીવ એક્રેશમેન્ટ મળશે. તે જ સમયે, ૧ જુલાઈ ૨૦૨૦ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી નિવૃત્ત થનારાઓને ૨૪ ટકા અને ૧ જાન્યુઆરી ૨૦૨૧ થી ૩૦ જૂન ૨૦૨૧ વચ્ચે નિવૃત્ત થનારાઓને ૨૮ ટકાના દરે નિવૃત્તિ ફંડ મળશે.

## હવે યુએસએમાં ગેરકાયદે રહેતા ભારતીયોને ગ્રીનકાર્ડ આપવાની યોજના ઉપર બ્રેક

વોશિંગ્ટન ,તા.૨૨

અમેરિકાની સેનેટમાં સેનેટર એલિઝાબેથ મેકડોનોએ સરકારની આ હિલચાલને ફગાવી દીધી હતી, સેનેટમાં થયેલી પીછેહટની પ્રતિક્રિયા ।પતાં સત્તાધારી ડેમોક્રેટીક પક્ષના સાંસદ અને ગૃહની બંધારણ અને નાગરિક અધિકારોની પેટા કમિટિના વાઈસ ચેરમેન ડેબ્રા રોસે કહ્યું હતું કે સેનેટનમા નિર્ણયથી તેમને ઘણી નિરાશા સાંપડી છે. પરંતુ અમારી પાસે આ ખરડા સિવાયના અન્ય વિકલ્પો પણ મોજૂદ છે. ઉલ્લેખનીય છે કે સેનેટના આ નિર્ણયથી ગુજરાતી લોકો ઉપર વધુ અસર થઇ શકે છે કેમ કે ઘમી મોટી સંખ્યામાં ગુજરાતીઓ ગેરકાયદે અમેરિકામાં રહે છે.ભારતમાં અને ગુજરાતમાં ઠેર ઠેર ફરતાં એજન્ટોને લાખો રૂપિયા આપીને કોઈપણ રીતે વર્ષો પહેલાં ઘૂસી ગયેલા ભારતીયો અને વિશેષ કરીને ગુજરાતીઓનું સ્વપ્ન હાલ પુરતું રોળાઇ ગયું છે. અમેરિકામાં ગેરકાયદે ઘુસેલા ભારતીયો સહિતના લાખોની સંખ્યામાં અન્ય દેશોના નાગરિકોને કાયદેસરના નાગરિકો બનાવી તેઓને ગ્રીનકાર્ડ આપવા અમેરિકાની જો બાઈડેન સરકારે ઈમિગ્રેશન રિફોર્મ્સ નામનો એક ખરડો અમેરિકાની સંસદમાં દાખલ કર્યો હતો. પરંતુ કમનસીબે આ ખરડો સંસદની સેનેટમાં (ઉપલું ગૃહ)માં પસાર થઇ શક્યો નહોતો, તેથી ગેરકાયદે રહેતાં લોકોને ગ્રીનકાર્ડ આપવાની બાઈડેન સરકારની યોજના ઉપર હાલ એક પ્રકારની બ્રેક વાગી ગઇ છે. ઉલ્લેખનીય છે કે જો બાઈડેન સરકાર અમેરિકામાં ગેરકાયદે વસતા તમામ વિદેશીઓને કાયદેસરના કરીને તેઓની પાસેથી ટેક્સ ઉઘરાવવાની એક યોજના બનાવી હતી અને તદઅનુસાર અમેરિકાના હાલના ઈમિગ્રેશનના કાયદાઓમાં સુધારા દર્શાવતા કેટલાંક સુધારા સાથેનો ખરડો સંસદમાં દાખલ કર્યો હતો પરંતુ સેનેટમાં તે પસાર ન થઇ શકતા પ્રમુખ બાઈડેન માટે આ એક મોટી પીઠેહટ ગણાવાઇ રહી છે.

## અમેરિકા જતાં પહેલા વડાપ્રધાન મોદીએ પોતાની સમગ્ર યાત્રાનુ વર્ણન કર્યુ

નવી દિલ્હી , તા.૨૨

અમેરિકાની મારી યાત્રા સંયુક્ત રાજ્ય અમેરિકાની સાથે વ્યાપક વૈશ્વિક રણનીતિક ભાગીદારીને મજબૂત કરવા, અમારા રણનીતિક ભાગીદાર જાપાન અને ઓસ્ટ્રેલિયાની સાથે સંબંધોને મજબૂત કરવા અને મહત્વપૂર્ણ વૈશ્વિક મુદ્દા પર અમારા સહયોગને આગળ વધારવાનો અવસર હશે.કોરોના કાળ બાદ પીએમ નરેન્દ્ર મોદી પહેલીવાર ત્રણ દિવસના અમેરિકી પ્રવાસ પર બુધવારે રવાના થયા. આ યાત્રામાં પીએમની સાથે વિદેશ મંત્રી એસ જયશંકર સિવાય રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને વિદેશ સચિવ પણ હાજર છે. અમેરિકા રવાના થયા પહેલા પીએમે કહ્યુ કે તેઓ સંયુક્ત રાજ્ય અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડનના નિમંત્રણ પર ૨૨-૨૫ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી યુએસએનો પ્રવાસ કરી રહ્યા છે. અમેરિકા રવાના થયા પહેલા પીએમ મોદીએ એક નિવેદનમાં પોતાની સમગ્ર યાત્રાનુ વર્ણન કર્યુ છે. તેમણે કહ્યુ હુ અમેરિકા રાષ્ટ્રપતિ બાઈડનની સાથે વ્યાપક વૈશ્વિક રણનીતિક ભાગીદારી અને પારસ્પરિક હિતના ક્ષેત્રીય તેમજ વૈશ્વિક મુદ્દા પર વિચારનુ આદાન-પ્રદાન કરીશ.

હુ બંને દેશની વચ્ચે વિશેષ રીતે વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં સહયોગના અવસરોની જાણ માટે ઉપ રાષ્ટ્રપતિ કમલા હેરિસને મળવા માટે પણ ઉત્સુક છુ. નિવેદનમાં આગળ કહેવામાં આવ્યુ, હુ રાષ્ટ્રપતિ બાઈડન, ઑસ્ટ્રેલિયાના વડા પ્રધાન સ્કૉટ મૉરિસન અને જાપાનના વડા પ્રધાન યોશીહિદે સુગાની સાથે પહેલા વ્યક્તિગતરીતે ક્વાડ લીડર્સ શિખર સંમેલનમાં ભાગ લઈશ. શિખર સંમેલન આ વર્ષે માર્ચમાં અમારા આભાસી શિખર સંમેલનના પરિણામોનુ નિરીક્ષણ કરશે અને ભારત-પ્રશાંત ક્ષેત્ર માટે અમારા દ્રષ્ટિકોણના આધારે ભવિષ્યની ગતિવિધિઓ માટે પ્રાથમિકતાઓની ઓળખ કરવાનો અવસર પ્રદાન કરે છે. ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન મોરિસન અને જાપાનના વડા પ્રધાન સુગા સાથે તેમને સંબંધિત દેશોની સાથે મજબૂત દ્વિપક્ષીય સંબંધોનો તાગ મેળવવા અને ક્ષેત્રીય તેમજ વૈશ્વિક મુદ્દા પર અમારા ઉપયોગી આદાન-પ્રદાનને જારી રાખવા માટે પણ મળીશુ.

## હવે ઓટો ડેબિટ અને ક્રેડિટ કાર્ડ પેમેન્ટનો બદલાશે નિયમ

નવી દિલ્હી, તા.૨૨

રિઝર્વ બેક્કે બેક્કો સાથે થતી છેતરપિંડી રોકવા અને ગ્રાહકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ માર્ગદર્શિકા જારી કરી છે. હાલની વ્યવસ્થા મુજબ બેક્ક ગ્રાહક પાસેથી એક વખત મંજૂરી લઈને દર મહિને કોઈ જાણકારી આપ્યા વગર ગ્રાહકના ખાતામાંથી આ રકમ કાપી લે છે. તેના લીધે છેતરપિંડીની સંભાવના ઘણી ઓછી રહે છે. આ તકલીફને ખતમ કરવા માટે જ આ ફેરફાર કરવામાં આવ્યો છે. પહેલી ઓક્ટોબરથી ઓટો ડેબિટ સિસ્ટમમાં મોટાપાયા પર ફેરફાર થવા જઈ રહ્યો છે. આ જ દિવસથી નવી ઓટો ડેબિટ સિસ્ટમ લાગુ કરવામાં આવે તેવી શક્યતા છે. આ નિયમ હેઠળ બેક્ક, ડેબિડ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, યુપીઆઇ, પેટીએમ, ફોનપે જેવા ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મે ગ્રાહકના ખાતામાંથી હપ્તો કે બિલ કાપતા પહેલા દર વખતે મંજૂરી લેવી પડશે. તેમણે આ માટે પોતાની સિસ્ટમમાં એ રીતે ફેરફાર કરવાના છે કે એક વખત મંજૂરી મળ્યા પછી તેઓ વારંવાર તમારા રુપિયા કાપતા ન રહે. રિઝર્વ બેક્ક પહેલા જ કહી ચૂકી છે કે ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, યુપીઆઇ કે પ્રીપેઇડ પેમેન્ટ ઈન્સ્ટ્રૂમેન્ટ્સ (પીપીઆઇ)નો ઉપયોગ કરનારાએ રિકરિંગ ટ્રાન્ઝેક્શન્સ માટે વધારાના ફેક્ટર ઓથેન્ટિકેશનની જરુર પડશે. ઓટો ડેબિટ એટલે કે તમે પોતાના મોબાઈલ એપ કે ઈન્ટરનેટ બેક્કિંગ દ્વારા વીજળી, ગેસ, એલઆઈસી કે અન્ય કોઈ ખર્ચાને ઓટો ડેબિટ મોડમાં નાખ્યો હોય તો એક નિશ્ચિત તારીખે આ રકમ આપમેળે તમારા ખાતામાંથી કપાઈ જશે. હવે ઓટો ડેબિટનો નવો નિયમ લાગુ પડયો તો તમારી બિલ ચૂકવણીની પદ્ધતિ પર અસર પડશે.

## ભારતે એશિયાની પ્રથમ હાઇબ્રિડ ફ્લાઇંગ કાર તૈયાર કરી

નવી દિલ્હી ,તા.૨૨

જ્યોતિરાદિત્ય સિંધિયાએ ટ્વીટ કરતા કહ્યુ કે હાઈબ્રિડ ફ્લાઈંગ કારનો ઉપયોગ લોકો અને કાર્ગોને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે કરવામાં આવશે. આ સાથે જ તેમણે કહ્યુ કે આનાથી ભવિષ્યમાં મેડિકલ ક્ષેત્રમાં ઘણી મદદ મળવાની આશા છે અને આનાથી મેડિકલ ઈમરજન્સીમાં લોકોની જીંદગી બચાવાઈ શકાય છે. વિનતા એરોમોબિલિટીની ટીમ ૫ ઓક્ટોબરે લંડનમાં આયોજિત થનારી દુનિયાની સૌથી મોટી હેલિટેક પ્રદર્શનીમાં પોતાનુ મોડલ રજૂ કરવા માટે સમગ્ર રીતે તૈયાર છે.

વિનતા એરોમોબિલિટીની ટીમનો દાવો છે કે હાઈબ્રિડ ફ્લાઈંગ કારમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની સાથે ડિજિટલ ઈન્સ્ટ્રૂમેન્ટ પેનલ છે, જે કારને ઉડાડવા અને ચલાવવાના અનુભવને વધારે આકર્ષક અને પરેશાની મુક્ત બનાવે છે. કાર બહારથી જોવામાં ઘણી આકર્ષક હશે, જેમાં જીપીએસ ટ્રેકરની સાથે જ પેનોરમિક વિંડો કેનોપી આપવામાં આવશે.

હાઈબ્રિડ ફ્લાઈંગ કારનુ વજન ૧૧૦૦ કિલોગ્રામ છે અને આ મહત્તમ ૧૩૦૦ કિલોગ્રામ વજન ઉઠાવી શકે છે. જેમાં એક બેટરી છે અને મેડ ઈન ઈન્ડિયા હાઈબ્રિડ ફ્લાઈંગ કાર છે. વિનતા એરોમોબિલિટીની ફ્લાઈંગ કારને બે મુસાફર માટે ડિઝાઈન કરવામાં આવી છે અને આ ૧૦૦-૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડથી ઉડી શકે છે.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ

સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.

BM MAGIC WATERPROOFING

9624163945 (M)

8690089211 (W)

● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.

● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.

કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.

ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.

માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

### બેઠક પહેલા રાજકીય ચર્ચાઓએ પકડ્યુ જોર

# ઉદ્ધવ ઠાકર અને અમિત શાહ વચ્ચે બેઠક થશે

નવી દિલ્હી ,તા.૨૨

દિલ્હી જતા પહેલા મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ સોમવારે એક બેઠક યોજી હતી. આ બેઠકમાં રાજયના ગૃહમંત્રી દિલીપ વાલસે પાટીલ, મુખ્ય સચિવ સીતારામ કુંટે અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય સરકારના નક્સલવાદી કૃત્યોને રોકવાના પ્રયાસો, નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં શરૂ થયેલા વિકાસ કાર્યોની સમીક્ષા, ભંડોળનો ખર્ચ ન થવાને કારણે ભંડોળની વ્યવસ્થા વગેરે મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે, મુખ્યમંત્રી ઠાકરેએ ફરી એકવાર આ મુદ્દા પર





ચર્ચા કરવા માટે ગુરુવારે બેઠક બોલાવી છે. આ બેઠકમાં દિલ્હીની બેઠકમાં જે મુદ્દાઓ રાખવાના છે તે નક્કી કરવામાં આવશે, એવું કહેવામાં આવી રહ્યું છે.હાલમાં મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવસેના વચ્ચે ખૂબ જ તણાવપૂર્ણ સંબંધો ચાલી રહ્યા છે. ત્યારે દિલ્હીમાં ૨૬ સપ્ટેમ્બરના રોજ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે અને ગૃહમંત્રી અમિત શાહ વચ્ચે મહત્વની બેઠક યોજાવા જઈ રહી છે.જેને લઈને ચર્ચાઓએ જોર પકડ્યુ છે.

ગૃહમંત્રી અમિત શાહે દેશમાં નક્સલવાદી ક્રિયાઓ, નક્સલ પ્રભાવિત ભાગોનો વિકાસ, શહેરી નક્સલવાદ જેવા મુદ્દાઓ પર બેઠક બોલાવી છે. આ બેઠકમાં નક્સલ પ્રભાવિત રાજયોના પ્રતિનિધિઓ હાજર રહેશે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે પણ આ બેઠકમાં ભાગ લેશે. ત્યારે હવે લોકોની નજર આ બેઠક પર મંડરાયેલી છે.ત્યારે સવાલ ઉભા થઈ રહ્યા છે કે,શું અમિત શાહ સાથે વન ટુ વન બેઠક કરવામાં આવશે ? શું ભાજપ અને શિવસેના વચ્ચેનું અંતર કાપવાનો કોઈ રસ્તો આ બેઠકમાં કાઢવામાં આવશે ? આ જ કારણ છે કે ઉદ્ધવ ઠાકરેની આ મુલાકાતને લઈને રાજકીય ચર્ચાઓએ જોર પકડ્યુ છે. આ યોગ્ય છે કે જયારે રાજયોમાં નક્સલવાદનો સામનો કરવા માટે કેન્દ્રની રાષ્ટ્રીય યોજનાઓ અને સંકલ્પને ચોક્કસ આકાર આપવામાં આવે.

આ મુદ્દે ૨૬ સપ્ટેમ્બરના રોજ યોજાનાર બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૫ માં કેન્દ્રએ ઠરાવ નક્કી કર્યો હતો.ત્યારે આ બેઠકમાં આ ઠરાવને આગળ ધપાવવા, સુરક્ષા સંબંધિત મુદ્દાઓ, વિકાસના કામોમાં ઝડપ લાવવી અને સ્થાનિક રહેવાસીઓના અધિકારોનું રક્ષણ કરવું વગેરે મુદ્દા મહત્વપૂર્ણ રહેશે.

## તંત્રી સ્થાનેથી...

# સત્તાલાલસા અફઘાનિસ્તાનના ટુકડા કરાવશે કે શું......?

તાલિબાનોએ અફઘાનિસ્તાન પર કબ્જો કર્યા પછી પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈએસનો તાલીબાની સરકાર રચવામાં ચંચુપાત વધી ગયો અને તેના પરિણામ આવવા પણ શરૂ થઈ ગયા.... ખૂદ તાલીબાની જૂથો આમને-સામને આવી ગયા છે જે કદાચ અફઘાનિસ્તાનના ભાગલા પાડી શકે તેવી સ્થિતિ નિર્માણ થવા જઇ રહી છે....! તાલિબાનોની નવી સરકાર બની પરંતુ માત્ર ૮ દિવસમાં જ તેઓના વચ્ચે જીતનો યશ લેવા બાબતે સંઘર્ષ જામી પડ્યો છે અને આ કારણે મૌલાના અબ્દુલ ગની બરાદરે કાબુ છોડી દીધું છે......! તેઓને તાલિબાન સરકારમાં નાયબ પીએમ બનાવ્યા હતા. થોડા દિવસ પહેલા તેઓના રાષ્ટ્રપતિ ભવન ખાતે હક્કાની નેટવર્કના નેતા ખલીલ ઉર રહમાન વચ્ચે ખુલ્લેઆમ આકરા શબ્દોમા તડાફડી થઈ હતી તથા હાથાપાઈ સુધી પહોંચી ગયા હતા. તો મૂળ બાબત એ હતી કે હક્કાની નેટવર્કને કહેવું છે કે તેઓનુ આક્રમકતા ભર્યું વલણ અને લડવૈયાઓના કારણે જ અફઘાનિસ્તાનની સત્તા મળી છે. જ્યારે સામે પક્ષો બારદારનું કહેવું હતું કે તેઓની મુત્સદીગીરીને કારણે તાલીબાનોની જીત થઇ છે અને આ કારણે એટલે કે જીતનો યશ લેવા માટે વિવાદ વધી ગયો હતો. દરમિયાન તાલિબાની આતંકવાદીઓ પોતે નક્કી કરેલ આકરા શરિયત કાનુનનું પાલન કરાવવા તેમજ વિરોધીઓને ખતમ કરી નાખવા નાગરિકો પર હુમલા કરવા લાગ્યા છે. જેમાં અનેકોને મોતને ઘાટ ઉતારી દીધા છે. અને આવા સમયમાં જ આઈએસ નામના આતંકવાદી સંગઠને તાલીબાનો પર હુમલા કરવાનું શરૂ કરી દીધું અને જલાલાબાદમાં આઈએસ એ તાલીબાનો પર હુમલા કરતા ૪૦ ઉપરાંત માર્યા ગયા હતા. જોકે જલાલાબાદમાં જુદા-જુદા ત્રણ સ્થળે બોમ્બ વિસ્ફોટો થયા હતા આવા સમયે એક જઈ રહેલી ટ્રક પર આઈએસ દ્વારા બોમ્બ ફેંક્યો અને તાલીબાનોને લઈ જતિ ટ્રકના ફુરચા ઉડી ગયા હતા, તો કેટલાક લોકો ઘાયલ થયા હતા. ટૂંકમાં હવે અફઘાનિસ્તાનમાં સત્તા પ્રાપ્તિ માટે જે તે તાલીબાની જૂથો વચ્ચે જંગના મંડાણ શરૂ થઈ ગયા છે.....!

અફઘાનિસ્તાન પર પાકિસ્તાન અને ચીનની નજર સતત જામી પડેલી છે જેમાં ચીનની નજર ત્યાંના ખનિજ લિથીયમના ભંડારો પર છે અને આ કારણે અને આ કારણે ચીને અફઘાનિસ્તાનને સહાય આપવાની જાહેરાત કરી છે.બીજી તરફ પાકિસ્તાન જેને સહાય કરે છે તે અને તેની જાસૂસી સંસ્થા સાથે ઊંડા સંબંધો- મિત્રતા ધરાવે છે તે હક્કાની નેટવર્ક તાલિબાન સરકાર ને હાઈજેક કરવા તરફ આગળ વધી રહ્યું છે. ત્યાંના અહેવાલો અનુસાર સત્તાની આંતરીક લડાઇમાં તાલિબાનોના સર્વોચ્ચ લીડર હિબતુલ્લાહનું મોત થયું છે. જ્યારે ડેપ્યુટી પીએમ બરાદરને બંધક બનાવી દીધા છે.....! જો કે તાલિબાનોના આતરીક જંગમાં બરાદરના જૂથને જ મોટું નુકસાન થયું છે. બરાદરે કાબુલ છોડી દીધુ હોવાની પણ વાતો બહાર આવી છે. આ બધી ઘટનાઓ બતાવે છે કે પાકિસ્તાન સાથે મિત્રતા ધરાવતું હક્કાની નેટવર્કને પાકિસ્તાન અફઘાનિસ્તાનનુ સર્વેસર્વા કરવા ચાહે છે અને તેની પાછળનું કારણ છે આઈએસ નો ડર..... તથા પોતાના સ્વાર્થ અને તે સ્વાર્થ પણ ચીનની લાલચને કારણે... ટૂંકમાં આઈએસનો ખોફ હવે અફઘાનિસ્તાનમા વધી રહ્યો છે....આને તેની શાખા ખોરાસનથી ભારતને પણ ખતરો છે.....! અને પાક. તેની શાખા ખોરાસનનો ઉપયોગ તેની જાસૂસી સંસ્થા દ્વારા કાશ્મીરમાં કરવા ચાહે છે.... મતલબ પાકની ડોઘલી ચાલ......!

વંદે માતરમ્

# જામસાહેબના દરબારમાં જૂનાગઢી તાલ અને વ્રજ શબ્દના સંગીતશાસ્ત્રી



**કાવ્ય માધુર્ય**

**ડૉ. કિશોર પંડ્યા**

### પાત્ર–કુપાત્ર.

**દેશ–ત્રિતાલ**

પાત્ર કુપાત્ર દિયે કછુ દાનહી,
તેસેહી રૂપ રચે રવીરાઈ;
ગાયનકેં તૃણુ દેત દયા કરી,
પન્નગકેં પય પાન કરાઈ;
ર્કાસહુતે સુધ પાયસ હોત,
સુપાયસતે વિષ હોત સિવાઈ;
યા બિધ દાન દિયે બીન જાનસુ,
તાબિધ કો ફલ તાહી દિવાઈ.

સંગીતાદિત્ય.

### મોહિત ગોપિકાના ઉદ્‌ગાર.

**રાગ–માલકોશ–ચૌતાલ.**

મનમથ મોહનકી મોહની પરીહે મોપેં,
મોહ્યો મન મેરો આલી બંસીબટ અટકમેં–મનમથ.
કહા કહું તોય મોય સુધિ નાહિ ગેહ દેહ,
જાહી છીન દરસેમેં તાછિનકી ખટકમેં–મનમથ.
આદિત ઉદિતં કીધો ગયોં ચિત્ત મેરો વહ,
ચોરો ચાહિ ચુભ્યો ચારુ ચરનકી ચટકમેં,
પંગનકી પટકમેં, પીતપટ ઝટકમેં,
મુકુટકી મટકમેં, કિ લોચન લટકમે.–મનમથ.

સંગીતાદિત્ય.

શ્રી કૃષ્ણની મોહીની એવી હતી કે આખા ગોકુલને ઘેલું બાનાવ્યું હતું. એમની વાંસળીના સૂર વહેતા થાય એની સાથે જ ગોપીઓ ઘરના કામ સાથે ભાન-સાન પણ ભૂલી જતી હતી. ઘણી વખત તો એવું બનતું કે મનમાંને મનમાં વાંસળી વાગી હોવાના ભણકારા વાગતા. મન એવું તો વાંસળીના સૂરમાં અટવાઈ રહેતું હતું કે કોઈ પણ પ્રકારની સૂજ-બૂઝ પણ રહેતી નહીં. માલકૌંશ રાગમાં કવિએ ચૌતાલમાં એવી તો રમઝટ જમાવી છે કે શબ્દો તો એની મેળે ગોપીઓની જેમ દોડતા આવતા હોય એવું લાગે છે. વળી પ્રાસનો ભંડારો કરતાં હોય એમ અટકમે,ખટકમે,ચટકમે, પટકમે, ઝટકમે, મટકમે, લટકમે કરતાં એકારાંત એના ભાવાર્થને અનુરૂપ દોડતા આવે છે. ગોપિકાના ઉદગારમાં ફરિયાદ સાથે મોહિત ભાવ ભળેલો હોવાથી એની ફરિયાદ ફરી ફરી યાદ આવે તેવી બની રહી છે.

આદિત્યરામ વૈકુંઠરામ વ્યાસનો જન્મ ૧૭૬૩માં જૂનાગઢમાં કેળવાએલી નાગરી કોમમાં થયો હતો. તેમના પિતા પણ સંસ્કૃતના વિદ્વાન અને કવિ હતા. તેઓ પોતાની કવિતાઓને રાગમાં પણ ઢાળે. એટલે પિતાએ બાળક આદિત્યને સંગીતનું શિક્ષણ આપવાનું શરૂ કર્યું. વિદ્યા,વૈદક અને જ્યોતિષ જેમને જનીન દ્રવ્યમાં સાથે જ વણાયેલા છે એ અહિચ્છત્ર નાગર બ્રાહમાનની જ્ઞાતિ હાલમાં પ્રશ્નોરા નાગર બ્રાહમણની જ જ્ઞાતિ છે. પુત્રના લક્ષણ પારણામાંથી એમ કિશોર વયમાં જ આદિત્યરામે જૂનાગઢનાં નવાબ બહાદુરખાન સમક્ષ પોતાનું ગાન ગાઈને તેમની પાસેથી ઈનામ પ્રાપ્ત કર્યું હતું. તાલ પ્રત્યેનો તેમનો લગાવ જોઈને ગીરના કોઈ સિદ્ધ યોગીએ તેમને મ્રુદંગવાદન પણ શીખવાડ્યું હતું.

આગળ જતાં તેમણે ખયાલ અને ગાયનની તાલીમ લખનૌના એ સમયના જાણીતા ગાયક ખાનસાહેબ નન્નુમિયા પાસેથી લીધી હતી. સખત પરિશ્રમ અને રિયાજ કરીને પછી તેમણે પોતાની કળા લોકો સમક્ષ રજૂ કરવાની શરૂઆત કરી હતી.

જામનગરના ગોસ્વામી શ્રી વૃજલાલજીનીસાથે રહીને તેમણે સમગ્ર ભારતની યાત્રા કરી હતી. વૃજલાલજીના સાથ અને સહકારને પરિણામે તેઓ ૧૮૪૧માં જામનગર આવીને રહ્યા. સંસ્કૃત અને વ્રજ એ બંને ભાષાનો તેઓશ્રીનો અભયાસ હતો. પરંતુ સંગીતમય કાવ્યોનો પ્રસાદ આખા ભારતખંડના લોકોને મળી રહે એ હેતુથી તેમણે માત્ર વ્રજભાષામાં જ કાવ્યો લખ્યાં છે.

જામાનગરમાં તેમણે ભરેલા દરબારમાં જઈ મહારાજા પાસે દરબારમાં પોતાનું ગીત રજૂ કરવાની પરવાનગી માંગી. ગાવાની પરવાનગી માંગી ગાવાનું અને એ પણ ભર્યા દરબારમાં? આથી જામસાહેબ અત્યંત ગુસ્સે થઈ ગયા. જામસાહેબે આવી પરવાનગી માંગનારને કેદ કરવાનો હુકમ કર્યો. છતાં પણ સહેજે ગભરાયા વગર યુવાન કવિએ ફરીથી મહારાજસાહેબ પાસે ગાવા માટેની પરવાનગી માંગી.

યુવાન કવિની હિંમત જોઈને મહારાજે તેમને ગાવા માટેની મંજૂરી આપી. કવિએ તો પ્રેમવિજોગણ રાધાનું ગીત પોતાના હલકભર્યા કંઠે શરૂ કર્યું. આરોહ-અવરોહ સાથે તેમણે રજૂ કરેલી રચના સાંભળીને જામસાહેબ અતિ પ્રસન્ન થયા. જામસાહેબે આદિત્યરામને દરબારી ગાયક તરીકે નિમ્યા. સાથોસાથ યુવરાજ વિભાજીને પણ સંગીત શીખવવાનું કામ એમને જ સોંપ્યું.

૧૮૪૬માં આદિત્યરામના લગ્નનો ખર્ચ જામસાહેબે આપ્યો હતો. ૧૮૫૨માં વિભાજી જામનગરની ગાદી પર આવ્યા. તેમણે આદિત્યરામને વાર્ષિક ચાર હજાર કોરી બાંધી આપવાનો હુકમ કર્યો. આદિત્યરામે એમની સૂચનાથી જ જામનગરમાં સંગીતશાળા શરૂ કરી હતી.

તેમણે 'સગીતાદિત્ય' નામનો ગ્રંથ રચીને વિદ્વાનોની પ્રસંશા પ્રાપ્ત કરી હતી. તેમણે અનેક ધ્રુવપદ અને ધમારોની રચના પણ કરી હતી. તેમની ગાયન-વાદન કળા સાદી, સરળ, શાંત અને સમતોલ આંદોલનો ઉત્પાન્ન કરનારી હતી. તાલવાદ્ય પરની તેમની હથોટી અદ્ભુત હતી. સંવત ૧૯૩૬માં (ઈ.સ.૧૮૨૪માં) એમનું અવસાન થયું. એમની રચનાઓ ઘણી જગ્યાએ ગ્રંથસ્થ થઈ છે. સંગીતશાળાઓમાં શીખવવાની શરૂઆત એમની રચનાઓથી જ થાય છે. એમના શિષ્ટોના વારસદારો આજે હિન્દી ફિલ્મ સંગીતના ક્ષેત્રે પોતાની કલા પીરસી રહ્યા છે. એમની રચનાઓ સંગીતબદ્ધ રાગ અને તાલ સાથે ઉપાડ લેતી હોવાથી ગેય બની રહે છે. સંગીતની સાથે જ્યારે શબ્દનું અવતરણ થાય ત્યારે જ આવો સુભગ સમન્વય થતો જોવા મળે છે.

(kisspandya@gmail.com)એ-૧૦૧, નિર્મળ રેસિડેન્સી, જીવરાજ પાર્ક, અમદાવાદ-૫૧

# ગુજરાતના નવા મુખ્યમંત્રીને હાર્દિક પટેલે પત્ર લખીને રજૂઆતો કરી

ગાંધીનગર , તા.૨૨

હાર્દિક પટેલે આ પત્રમાં લખ્યું છે કે, એક પાટીદાર સમાજના દીકરા તરીકે આપને માંગણી કરૂ છું કે, અનામત આંદોલનમાં મારા સહિત અનેક નિર્દોષ પાટીદારોના કેસ પરત ખેંચવાની કાર્યવાહી બને એટલી ઝડપથી કરવામાં આવે. આવું કરીને ફરી રાજધર્મ નિભાવવામાં આવે. આંદોલનમાં રહેલા દરેક નેતાઓ પર ખોટા કેસ ચાલી રહ્યા છે. આંદોલન દરમિયાન આશરે ૪૦૦ ખોટા ગુના નોંધવામાં આવ્યા છે. આ તમામ કેસ પાછા ખેંચવાનું અગાઉની સરકારે વચન આપેલું છે. જે હજુ સુધી પૂર્ણ થયું નથી. આ માટે જરૂરી અગ્રતા આપીને પાટીદારો પરના ગુના દાખલ કરેલા છે એને પાછા ખેંચવામાં આવે. એવી સમાજ તરફથી નિર્દોષ ભાવે અપીલ કરૂ છું. મારા પર જે રાજદ્રોહ સહિતના ૨૮ ગુનાઓ છે. થોડા સમય પહેલા દેશની સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, સત્તા સામે બોલે એનો વિરોધ કરતા સામે મનફાવે એમ રાજદ્રોહનો ગુનો દાખલ કરી શકાય એમ નથી.

અનામત આંદોલન દરમિયાન અલ્પેશ કથિરિયા, લાલજી પટેલ જેવા પ્રમુખ નેતાઓ પર અનેક એવા ખોટા કેસ કરવામાં આવ્યા છે. અત્યાર ૨૦૦ કરતા પણ વધારે કેસ ચાલી રહ્યા છે. આ તમામ ખોટા કેસ પાછા ખેંચવામાં આવે. સરકારે આપેલા વચન પૂરા કરવા એ દરેક મુખ્યમંત્રીની ફરજ બને છે. પદ્માવતી ફિલ્મના વિરોધમાં થયેલા આંદોલન વખતે પણ કરણી સેનાના ઘણા આગેવાનો પર ખોટા કેસ કરી દેવામાં આવ્યા હતા. એમાંથી મોટાભાગના કેસ પાછાં ખેંચી લેવામાં આવ્યા છે. સરકારે પટેલ નેતાઓ સાથે ત્રણ વર્ષ પહેલા ૪૩૮ ખોટા કેસ પાછા ખેંચવા માટે બેઠક કરી હતી. હાલમાં એ બાબતે કામ પૂર્ણ થયું નથી. જેને પૂરા કરવા માટે સરકારે કવાયત શરૂ કરવાની જરૂર છે. આ પત્ર કોઈ રાગદ્વેષ કે બદલાની ભાવનાથી નથી. આ પત્રમાં મારી કોઈ રાજકીય મહત્ત્વકાંક્ષા પણ નથી. સમાજના નિર્દોષ યુવાનોને ન્યાય આપો એવી લાગણી અને માગણી છે. રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે તા.૨૯ જુલાઈ ૨૦૧૬માં કેસ પાછા ખેંચવા માટે આદેશ કર્યા હતા.

## માહિતી અધિકારની સ્પષ્ટતા-. ગુજરાત સરકાર

# માહિતી અધિકારીઓની આડોડાઈ સામાન્ય વહીવટ વિભાગની સચ્ચાઈ

ગુજરાત રાજ્ય માહિતી કમિશનર આયોગના વિવાદિત ચુકાદા અને અણઘડ તકાદાઓ બાદ ગુજરાત રાજ્યમાં સેંકડો નાગરિકોને એમના માહિતી અધિકારથી વંચિત રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યા છે. માહિતી અધિકાર અધિનિયમ ની ધજીયા ઉડાડતાં વિવાદાસ્પદ, અસંવિધાનિક , આડેધડ ચુકાદાઓ જાહેર કરવામાં આવ્યા છે અને ચોર કોટવાળને દંડ કરતાં હોય એવાં આદેશો જારી કરવામાં આવેલા છે. ઠેર ઠેર ઠેર કાયદાની મશ્કરી કરતા નિર્ણયો લેવાયા છે અને એને કારણે ગુજરાત રાજ્ય ના નાગરીકો જાણે જંગલમાં જીવતા હોય એવું અનુભવી રહ્યા છે ત્યારે ગુજરાતના આરટીઆઇ કાર્યકર્તાઓએ ગુજરાતના તમામ જિલ્લાના કલેક્ટર કચેરીએ પહોંચી આવેદનપત્ર આપી કાયદાનું પાલન કરવામાં આવે તેવી માગણી કરી છે.

તાજેતરમાં અનેક રજુઆત બાદ કલેક્ટર અને રાજ્યપાલ નિરુત્તર જોવા મળેલ છે ત્યારે ફરીથી એકવાર આરટીઆઇ એક્ટ હેઠળ ગુજરાત રાજ્ય સરકાર સામાન્ય વહીવટ વિભાગ સચિવાલય, ગાંધીનગરના માહિતી અધિકારીઓ પાસે તા. ૨૪/૦૮/૨૦૨૧ની અરજીથી નિલેશભાઈ પ્રવીણભાઈ બારીયા લિલ્સંગ, ગામ દૂધવાડા, પાદરા, વડોદરા દ્વારા અનેક સવાલો મુદ્દે ના જવાબ લેવામાં આવ્યાં છે જેનો જવાબ તા ૧૪/૦૯/૨૦૨૧ ના પત્ર ન.અરજ /૧૦૨૦૨૧/૩૪ /આરટીઆઇ સેલ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આપેલ જે શબ્દસઃ નીચે મુજબ છે.

(૧) આરટીઆઇ એક્ટ મુજબ કોઈ વ્યક્તિ. અરજદારને બ્લેક લિસ્ટ કે કાળી યાદીમાં મૂકવા અંગે કોઈ જોગવાઈ છે?

જવાબઃ આપવામાં આવેલ છે કે આવી કોઈ જોગવાઈ કરવામાં આવી નથી.

(૨) એક વ્યક્તિ એક વર્ષમાં માસિક/વાર્ષિક કેટલી અરજી કરી શકે ? જવાબઃ અરજી કરવાની. સંખ્યા બાબતે કોઈ જોગવાઈ નથી.

(૩) માગેલ માહિતી વિપુલ માત્રામાં, બલ્ક કે વિસ્તૃત પ્રમાણમાં કેટલાં પાના હોઈ તો ગણી શકાય તે અંગે સરકારશ્રીએ નકકી કરેલ માપદંડની માહિતી આપવી. જવાબઃ કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. માહિતી જે સ્વરૂપે માગવામાં આવી હોય એ સ્વરૂપે જ પૂરી પાડવાની જોગવાઈ છે.

(૪) માગેલી માહીતિ નું નિરીક્ષણ કરવાની જોગવાઈ કરેલ હોઈ તો તેની નકલ તેમજ કયા સંજોગોમાં નિરીક્ષણ કરવું. આ અંગે ની જોગવાઈ માપદંડ ની માહિતી આપશો. જવાબઃ કામકાજ, દસ્તાવેજો, રેકર્ડની તપાસ કરવાના અને નિયમ ૫(ખ)(૨) મૂજબ રેકર્ડ નિરિક્ષણ વખતે અરજદાર પાસેથી પ્રથમ અડધા કલાક માટે કોઈ ફી નહી અને ત્યારપછી દરેક અડધા કલાક માટે વીસ રૂપિયાની જોગવાઈ છે. જ્યાં શક્ય હોય ત્યાં ફલોપી, ડિસ્ક માં પૂરી પાડવામાં આવે અને ડિસ્ક દીઠ રૂ.૫૦ વસુલ કરવાની જોગવાઈ છે.

(૫) જો માહિતી કમિશનરો આરટીઆઇ એક્ટ ૨૦૧૦ ની જોગવાઇ વિરુદ્ધ ચુકાદા આપે તો કયાં, કોને ફરિયાદ કરી શકાય એના નામ નંબર હોદ્દા અને સરનામું જણાવવા વિનંતી. જવાબઃ આરટીઆઇ એકટ ની કલમ (૧૫)૪ મુજબ રાજ્ય માહિતી પંચના કામકાજ ઉપર સામાન્ય દેખરેખ, માર્ગદર્શન, વ્યવસ્થાપન, રાજ્યના મુખ્ય માહિતી કમિશનરમાં નિહિત થશે. આ પંચ સ્વાયત્ત રીતે સત્તા વાપરી શકે છે અને કાર્યો કૃત્યો કરી શકે છે.

(૬) સરકારશ્રીએ જે કામમાં ખર્ચ કરવામાં આવેલ હોય તો કામની શરૂઆતથી અંત સુધીમાં તમામ કાગળો એક વખતમાં મળવા પાત્ર હોય કે અલગ અલગ માગણી કરવી પડે તે માટે કોઈ ચોક્કસ જોગવાઈ છે ? જવાબ કોઈ જોગવાઈ કરવામાં આવી નથી.

(૭) આજદિન સુધીમાં કેટલાં લોકોને બ્લેક લિસ્ટ કે કાળી યાદીમાં મૂકવામાં આવ્યાં છે ? જવાબઃ આવી કોઇ જોગવાઈ કરવામાં આવી નથી.

આમ સામાન્ય વહીવટ વિભાગ સચિવાલય ગાંધીનગર દ્વારા જાહેર કરવામાં આવેલ છે કે કોઇ પણ માહિતીના અરજદારને બ્લેક લિસ્ટ કરી શકાય નહીં. માહિતી મેળવવાના અધિકાર અધિનિયમ મુજબ માગવામાં આવતાં માહિતીના પાનની કોઇ મર્યાદા નથી. માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમ મુજબ માહિતીની વ્યાખ્યા મુજબ રેકર્ડ નિરિક્ષણ કરી શકાય. માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમ મુજબ કોઈ પણ જાહેર સેવા સત્તા મંડળના ઉપ્લબ્ધ રેકર્ડ પૈકી કોઈ પણ પ્રકારની માહિતી વિપુલ પ્રમાણમાં માહિતી માગી શકાય.

RTI Act Reform Movement Gujarat આરટીઆઇ એક્ટ રિફોરમ મૂવમેન્ટ ગુજરાતના અસંખ્ય કાર્યકરોએ રાજયપાલશ્રી મુખ્યમંત્રીશ્રી, કાયદા મંત્રીશ્રી, મુખ્ય ન્યાયમૂર્તિશ્રીને વાયા વાયા જિલ્લા કલેકટર દ્વારા આવેદન પત્ર આપી જવાબ તો માગ્યો જ છે એ પહેલાં સામાન્ય વહીવટ વિભાગ સચિવાલય ગાંધીનગર દ્વારા જાહેર કરવામાં આવેલ આરટીઆઇ એકટ મુજબ અરજી બાદ આપેલ જવાબ અનેક શંકાઓનું સમાધાન કરે છે જે જનહિતમાં જાહેર કરવામાં આવ્યું છે.

ગુજરાતનાં કોઇ પણ નાગરિકને આરટીઆઇ એકટ બાબતના પ્રશ્નો અંગે કોઈ પણ પ્રકારની મદદ, માર્ગદર્શનની જરૂર હોય આપ અમારા અખબારનો સંપર્ક કરી શકો છો.

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહઃ ક્રૂડ તેલમાં વૃદ્ધિ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૩૪,૭૦૨ સોદાઓમાં કુલ રૂ.૧૧,૩૮૫.૦૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના સપ્ટેમ્બર વાયદામાં ૬૨ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ઓક્ટોબર વાયદામાં ૧૫૨ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૪,૫૮૫ સોદાઓમાં કુલ રૂ.૨,૯૦૫.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૬,૬૫૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૬,૭૬૨ અને નીચામાં રૂ.૪૬,૫૫૬ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩ ઘટી રૂ.૪૬,૬૨૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૫૭ વધી રૂ.૩૭,૫૯૭ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૮ વધી રૂ.૪,૬૫૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૦,૮૯૦ દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૧૨૦ અને નીચામાં રૂ.૬૦,૭૩૯ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૨૦ વધી રૂ.૬૦,૮૫૯ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪૨૩ વધી રૂ.૬૧,૧૦૪ અને ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪૨૩ વધી રૂ.૬૧,૦૮૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં એમસીએક્સ પર ૧૯,૭૫૬ સોદાઓમાં રૂ.૩,૫૧૧.૨૫ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૩૫ વધી રૂ.૨૩૦.૯૦ અને જસત સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૮૫ વધી રૂ.૨૫૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૨.૬૦ વધી રૂ.૭૦૮.૫૫ અને નિકલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૨.૯ વધી રૂ.૧,૪૫૨.૯૦ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ વધી રૂ.૧૮૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં એમસીએક્સ પર ૩૧,૨૫૧ સોદાઓમાં કુલ રૂ.૨,૨૭૫.૯૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૨૨૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૩૨૦ અને નીચામાં રૂ.૫,૨૨૧ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૯૦ વધી રૂ.૫,૨૯૮ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩.૧૦ વધી રૂ.૩૫૬.૨૦ બોલાઈ રહ્યો હતો.


કૃષિ કોમોડિટીઝમાં એમસીએક્સ પર ૧,૯૫૫ સોદાઓમાં રૂ.૧૯૭.૦૬ કરોડનાં કામકાજ થયા હતા. રબર સપ્ટેમ્બર વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૩૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૭,૩૦૦ અને નીચામાં રૂ.૧૭,૧૭૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩૧ વધી રૂ.૧૭,૨૪૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૨૮.૮૦ અને નીચામાં રૂ.૧૧૧૮.૧૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨.૨૦ વધી રૂ.૧૧૨૪.૯૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮.૧૦ વધી રૂ.૯૧૯.૧૦ અને કોટન ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૭૦ વધી રૂ.૨૫,૪૨૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૪,૩૩૪ સોદાઓમાં રૂ.૧,૪૯૭.૮૭ કરોડનાં ૩,૨૦૮.૧૪૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૪૦,૨૫૧ સોદાઓમાં કુલ રૂ.૧,૪૦૭.૮૬ કરોડનાં ૨૩૦.૭૨૬ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૫૨૭.૮૦ કરોડનાં ૨૨,૮૬૫ ટન, જસતના વાયદાઓમાં રૂ.૪૫૫.૯૨ કરોડનાં ૧૭,૭૪૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧,૩૮૭.૮૦ કરોડનાં ૧૯,૫૮૭.૫૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૧,૦૭૨.૮૬ કરોડનાં ૭,૩૮૪.૫૦૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૬૬.૮૭ કરોડનાં ૩,૬૦૫ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૦,૪૨૫ સોદાઓમાં રૂ.૮૧૧.૦૪ કરોડનાં ૧૫,૩૨,૭૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૦,૮૨૬ સોદાઓમાં રૂ.૧,૪૬૪.૯૧ કરોડનાં ૪,૦૭,૭૭,૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૧૨૦ સોદાઓમાં રૂ.૯.૭૭ કરોડનાં ૩૮૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૬૭૮ સોદાઓમાં રૂ.૨૪.૬૫ કરોડનાં ૨૬૬.૪ ટન, રબરના વાયદાઓમાં ૪૨ સોદાઓમાં રૂ.૦.૮૦ કરોડનાં ૪૭ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૧,૧૧૫ સોદાઓમાં રૂ.૧૬૧.૮૪ કરોડનાં ૧૪,૫૩૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૦૭૪.૪૧૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૭૨.૫૮૬ ટન, એલ્યુમિનિયમમાં ૨૨,૨૫૫ ટન, જસત વાયદામાં ૯,૫૯૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૨,૪૫૦૦ ટન, નિકલ વાયદામાં ૨,૫૪૭૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૮,૪૧૫ ટન, ક્રૂડ તેલમાં ૫,૧૩,૨૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૩૬,૪૨,૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૫૬૦૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૯૫.૭૨ ટન, રબરમાં ૭૯ ટન, સીપીઓમાં ૮૧,૧૭૦ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં ૧,૫૪૫ સોદાઓમાં રૂ.૧૩૦.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૬૭૭ સોદાઓમાં રૂ.૫૨.૨૬ કરોડનાં ૭૫૨ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૮૬૮ સોદાઓમાં રૂ.૭૮.૩૨ કરોડનાં ૯૭૯ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૨,૪૫૭ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૭૬૯ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૩,૯૦૦ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૩,૯૧૮ અને નીચામાં ૧૩,૮૫૬ના સ્તરને સ્પર્શી, ૬૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૪ પોઈન્ટ વધી ૧૩,૮૭૯ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૬,૦૧૩ના સ્તરે ખૂલી, ૧૫૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૮૭ પોઈન્ટ વધી ૧૫,૯૯૫ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, એમસીએક્સ પર કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૨૫,૬૧૦ સોદાઓમાં રૂ.૨,૩૬૪.૪૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૩૦.૮૭ કરોડ, ચાંદીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૩.૭૦ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૭૮૮.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

CMYK




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની છ રચનાઓ
વિષય :." ગણેશોત્સવ,ગણેશજી નું શાસ્ત્રોક્ત મહત્વ વિષયક રચનાઓ(૨૩-૯-૨૦૨૧)દિવસ - ૨

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

NOG SS No : 0092
પ્રકારઃ-પદ્ય
શીર્ષકઃ- વ્હાલા ગણેશા

' તારા પાવન પગલાં પડયા,
કે જીવન પ્રકાશિત થયું વ્હાલા ગણેશા!
મનમાં આનંદની હેલી ઉમટી,
ભક્તિનો રસ જાગ્યો વ્હાલા ગણેશા!
મનમાંથી નકારાત્મકતાનો કચરો કાઢ્યો,
હૃદયના સિંહાસન પર બેસ વ્હાલા ગણેશા!
અબીલ મેં ઉમંગોનું ચઢાવ્યું,
પ્રસન્નતાનો ઉડાડયો ગુલાલ વ્હાલા ગણેશા!
દિપક મેં આશાઓનો પ્રગટાવ્યો,
ધડકનની ઝાલર વગાડી વ્હાલા ગણેશા!
અગરબત્તી સદકાર્યો ની પ્રગટાવી,
સચ્ચાઈનો કર્યો છે ધૂપ વ્હાલા ગણેશા!
મિષ્ટાન્ન મેં પ્રેમનું ચઢાવ્યું,
હર્ષાશ્રુનું ધરાવું જળ વ્હાલા ગણેશા!
મુખવાસ હું ભક્તિનો ધરાવું,
તન-મન તારે ચરણે અર્પણ વ્હાલા ગણેશા!
મારા જીવનનો તું જ સાચો સાથી,
તારાથી જ જીવન ધન્ય-ધન્ય વ્હાલા ગણેશા!

અલકા મહેતા.ગાંધીનગર.

---

NOG SS NO. : 0034
વિભાગ : પદ્ય ( હાઈકુ)
શીર્ષક : ગણેશ વંદના

કરું આરદા
શીશ નમાવી તને,
હે! ગજાનન.
ક્ષેમકુશળ
રાખો સર્વેજનોને,
ભાલચંદ્રાય.
પ્રથમ પૂજા,
સકળ વિશ્વે થાય
વિઘ્નહરાય.
મોદક પ્રિયે
કરું ભાવે અર્પણ,
ગણાધિપતિ.
ભાલે તિલક,
ગ્રીવામાં પુષ્પમાળા
લંબોદરાય.
દુર્વા અર્પણે,
રીઝે ગૌરીપુત્રાય,
સ્વયંસિદ્ધાય.
દુંદાળા દેવ,
રિદ્ધિ સિદ્ધિનાં સ્વામી
એકદંતાય.
શૂર્પકર્ણાયઃ
મૂષકની સવારી
ચંદ્રચૂડાય.
નમો નમામિઃ
ૐ ગં ગણપતયે,
સર્વે સુખદા!

ડો. રેખા શાહ

---

NOG SS No-0011
પ્રકારઃ- પદ્ય
શીર્ષકઃ- ઉંદર રાજા

ઉંદર રાજા આવે,
બેન્ડ બાજા લાવે.
ગણેશજીનું વાહન,
ઉંદર રાજા પાવન.
સૂટ બૂટને ટોપી,
ઉંદરમામા મોભી.
નાની ડીશમાં શીરો,
ઉંદર રાજા હીરો.
દોડવામાં નંબર વન,
ઉંદર રાજા સુપર વન.
આખા જગમાં ફરનારા,
સૌનાં મનને જાણનારા.
ગણપતિ બાપ્પાની ચોઈસ,
ઉંદર મામા ઈઝ માઉસ.
ગણેશજી છે શહેનશાહ,
ઉંદર રાજા ભાઈ વાહ!
મોદક તેઓને ખૂબ ગમે છે,
ઉંદર ને ગણેશને એ ગમે છે.

-મનોજકુમાર પંચાલ 'મન' પાલનપુર

---

NOG SS No : 0079
વિષયઃ ગણપતિ
પ્રકાર : ગદ્ય
શીર્ષક 'આલા રે આલાહ્ય

ગણપતિ બાપા મોરિયા
અડધુ લાડુ ચોરિયા
ભાદરવા સુદ ચોથને આપણે ગણેશ ચતુર્થી યા વિનાયક
ચોથને નામે ઓળખીએ છીએ. આ દિવસે ગણપતિ તેમની
માતા પાર્વતી / ગૌરી સાથે કૈલાસ પર્વત પરથી પૃથ્વી પર
અવતરણ કરે છે.
ગણપતિ જીવનમાં સફળતા, શાંતિ, એકસૂત્રતા લાવવામાં
સહાય કરે છે. શુભ કાર્યના પ્રણેતા ગણપતિ બાપા. વિઘ્ન
હર્તા ગણપતિ બાપા. જેઓ રિદ્ધિ, સિદ્ધિ, બુદ્ધિ તેમજ
સરસ્વતિ પ્રદાન કરે છે.
આવો આજે એમની સહકુટુંબ સાથે ઓળખાણ કરાવું. ન
માનતા હો તો પણ માનતા થઈ જશો કે શામાટે ગણપતિનું
પૂજન સહુ પ્રથમ કરવાની મંગલ પ્રથા હિંદુમાં છે
ગણોના પતિ, સિદ્ધિ વિનાયક.
ગણપતિને બે પત્ની ૧. રિદ્ધિ ૨. સિદ્ધિ
ગણપતિના બે પુત્ર ૧. લાભ ૨. શુભ
ગણપતિની પુત્રી સંતોષી માતા
લાભ અને શુભની પત્ની ૧. તુષ્ટિ ૨. પુષ્ટિ
ગણપતિના બે પૌત્ર ૧. આનંદ ૨. પ્રમોદ
ગણપતિના પરિવાર જેવો સુખી પરિવાર આ જગમાં મળવો દુર્લભ
નહી અશક્ય છે.
હમેશા યાદ રાખજો, "પહેલા સમરું ગણપતિ દેવા".
આવો સુંદર
પરિવાર તેમની કૃપાથી પ્રાપ્ત થાય. તેમના મંગલ પગલાં પડે અને
આપણા ઘરમાં શાંતિ અને સુમેળનું સામ્રાજ્ય સ્થપાય.
યાદ છે ને ગણપતિનું ;વાહન; ઉંદર છે. ગણપતિનું કદ અને વાહનનું
કદ જોઈ નવાઈ નથી લાગતી ? ઉંદર માનવીના 'મગજહ્ની સાથે
સરખાવાય છે. જે ખૂબ નાનું છે અને અવળચંડુ છે, જેને સ્થિર રાખવું
અતિઆવશ્યક છે.
ગણપતિના હાથમાં અભયનું નિશાન છે. સુંઢ પાસે 'લાડુ છે. જે 'સત
ચિત આનંદનુંહ્યપ્રતિક મનાય છે.
આવો તેમના આગમનને વધાવીએ.
ગણપતિ બાપા મોરિયા
મંગલ મૂર્તિ મોરિયા

---

NOG SS NO:004
વિષયઃ ગણેશોત્સવ, ઘરના ગણેશ,ધર્મશાસ્ત્ર વિધિ વિધાનમાં ગણેશજીનું મહત્વ.
પ્રકાર : મુક્તપંચિકા પદ્ય/ ગદ્ય સાથે
શબ્દોઃ૨૩૧
શીર્ષકઃમહત્તમ ગણેશ

કાપ્યું શીશ
ગજનું તે જ
ધડે બીરાજ્યું તું જ
કહેવાયો તું ,
શ્રી ગજાનંદ.
રૂપ તેનું ત્યાં
દિઠું ઉમાએ
અરે! પામી અચંબો!
તાતે ઓળખ્યો,
શ્રી ગણેશને!
આશીષ આપી
વચન દીધાં
પૂજાશે સૌ પ્રથમ,
ધર્મ પૂજામાં
માતા હર્ષાય!
જન્મદિન હે,
ગણેશચોથે,
સાર્વજનિક પર્વ,
મનાવે વિશ્વ
ગાથા અમર..!
નામ હજાર
વહાલું સૌને
એક દો તીન ચાર
ગણપતિનો
જય જૈ કાર..??

નાની શી વાત ભાંડુ કાર્તિકેય સાથે થયો ઝઘડો કોણ મહાન..? ઉમાપાર્વતિ સાંભળી રહ્યાં હતાં , મહેશ આવ્યાં ને તેમણે રસ્તો કાઢ્યો " જે પૃથ્વીમાતાની પરિક્રમા જલ્દી કરી પહેલાં પધારશે તે મહાન. કાર્તિકેય તો ઉપડ્યા મયૂર પર સવાર થઈ, પણ ગણેશજી દુંદાળા ને વાહન તો મૂસકજી બન્ને જો નીકળે તો વર્ષોનાં વહાણાં વીતી જાય. થોડી વાર વિચારી સૂપડિયા કાન વિંઝી ઉઠ્યા ચતુર ગજાનંદ. બે પાટલા લીધાં, શણગાર્યા આજુબાજુ સુંદર રંગોળી પૂરી ને લઈ આવ્યા માત ને તાતને બેસાડ્યા પાટલા પર અને ગણેશજીએ તો કરી પરિક્રમાં શરૂ.. બોલતા જાય માતૃદેવો ભવઃ પિતૃદેવો ભવઃ..૧૦૮ ફેરા ફરી. માતપિતાને પ્રણામ કરી કહ્યું ,"માતા તમે કહેતા હતાં કે માતા પિતામાં જ વિશ્વ સમાયેલું છે, તો હું કરીને આવી ગયો વિશ્વની પૃથ્વીની પરિક્મા. સ્વીકારો મુજ ભક્તિ"

આમ વિશ્વને સંદેશો મળ્યો કે સૌ પ્રથમ માતપિતાને પૂજો તેઓ જ તીર્થ તેઓ જ પ્રભુ પછી બીજું વિશ્વ..

મિત્રો ગમે તેટલી ભક્તિ કે દાન પૂન્ય કરો પણ જ્યાં માતપિતાને દુભવશો ત્યાં બધું જ નષ્ટ.. છે.

જયશ્રી પટેલ

---

NOG SS No - 0032
પ્રકાર- પદ્ય
શીર્ષક : ગણેશ

કંચન ભરેલો એક કળશ
માંહી આસોપાલવ સોહાય
પૂજા આજ ગણેશ ની થાય
કુમકુમ સાથિયા સોહાય
ગણેશ ને ગમતા પુષ્પો
પીળા કેસરી સોહાય
મંગળ ગીતડાં ગવાય
લાલ નાડાછડી સોહાય
આજ મારા ઘરઆંગણે
રુડો અવસર સોહાય
કંચન ભરેલો એક કળશ
માંહી આસોપાલવ સોહાય
પૂજા આજ ગણેશ ની થાય
કુમકુમ સાથિયા સોહાય.
મીના માંગરોલીયા મીનું,અમદાવાદ

# મહેસાણાની મામલતદાર કચેરીમાંથી ૪૮૪ જૂની મતદાન પેટીની ચોરી

મેહસાણા ,તા.૨૨

મહેસાણામાં જ નહિ પણ સમગ્ર ઉત્તર ગુજરાતમાં ચકચાર મચાવનારી આ ઘટનામાં ૪૮૪ જેટલી લોખંડની મતપેટીઓની ચોરી થઈ જવા પામી હોવાની પોલીસ ફરિયાદ થતા વહીવટી તંત્ર દોડતું થઈ ગયું છે. ચાર વર્ષ પૂર્વે ગ્રામ પંચાયતની ચૂંટણી પૂર્ણ થતા આ મતપેટીઓને મામલતદાર કચેરીમાં મુકવામાં આવી હતી. બંધ અને જર્જરિત એવી આ કચેરીમાં પાછળના ભાગે બાકોરું પાડી ઘુસેલા તસ્કરોએ દરવાજો તોડી ઓફીસના રેકર્ડ સાથે પણ છેડ-છાડ કરી હતી. ગત ઓગસ્ટમાં કેટલાક કર્મચારીઓ જૂની મામલતદાર ઓફિસમાં મહેસૂલી રેકર્ડની તપાસ માટે ગયા હતા ત્યારે, મતપેટીઓ ગાયબ હોવાનું માલુમ પડ્યું હતું. કર્મચારીઓએ અહીં મતપેટીની ગણના કરી હતી.જેમાં ૪૬૦ મતપેટીઓ હોવાનું સામે આવ્યું હતું. જ્યારે ૪૮૪ મતપેટીઓની ચોરી થયાનું ફલિત થયું હતું. મહેસાણા શહેરમાં આવેલ આઝાદચોક માં આવેલ જૂની મામલતદાર કચેરી માં બનવા પામ્યો હતો આ ઘટના બાબતે, ગ્રામ્ય મામલતદારએ અજાણ્યા ઈસમો સામે ચોરી અંગે મહેસાણા શહેર એ ડિવિઝન પોલીસ મથક માં ફરિયાદ દાખલ કરાવી હતી.ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીને હજુ એક વર્ષ કરતા પણ વધુ સમયની વાર છે ત્યાં મતદાન પેટીની ચોરીનો કિસ્સો સામે આવતા એક તરફ રમૂજ ફેલાઈ છે.તો સ્થાનિક વહીવટી તંત્રના હોંશ ઉડી જવા પામ્યા છે. પરિણામે લોખંડની મજબૂત એવી ૪૮૪ પેટીઓ કોઈ અજાણ્યા ઈસમો ચોરી ગયાની ફરિયાદ નોંધાવવામાં આવી છે. જોવાની ખૂબી એ છે કે , મહેસાણા શહેરની વચ્ચોવચ આવેલા પોલીસમથકની બાજુમાં આવેલી લાંચ રુશ્વત કચેરીની બાજુમાં જૂની મામલતદાર ઓફિસમાં ઘુસી તસ્કરો આટલી 'મોટી કળા' કરી ગયા હતા.

# હિંદુ ધર્મમાંનું 'કન્યાદાન એ 'કન્યામાન જ; 'માન્યવર બ્રાન્ડે હિંદુઓની માફી માગીને જાહેરખબર પાછી લેવી અન્યથા બહિષ્કાર ! - હિંદુ જનજાગૃતિ સમિતિ દ્વારા 'માન્યવર બ્રાન્ડને ચેતાવણ

હિંદુ ધર્મમાં 'વિવાહ સંસ્કાર' આ એક મહત્ત્વનો સંસ્કાર માનવામાં આવ્યો છે. તેમજ વિવાહ વિધિમાં 'કન્યાદાન' આ એક મહત્ત્વની ધાર્મિક વિધિ છે અને કન્યાદાનને શ્રેષ્ઠ દાન માનવામાં આવ્યું છે. એમ હોવા છતાં પણ હાલમાં જ 'વેદાંત ફેશન્સ લિમિટેડ' નામક કંપનીએ 'માન્યવર' આ પ્રસિદ્ધ કપડાના બ્રાન્ડની એક જાહેરખબર પ્રસારિત કરી છે, તેમાં 'કન્યાદાન' કેવી રીતે ભૂલભરેલું છે, તેમજ 'દાન કરવા માટે શું કન્યા એ કાંઈ વસ્તુ છે ?' એવો પ્રશ્ન ઉપસ્થિત કરીને 'હવે કન્યાદાન નહીં, જ્યારે કન્યામાન' એવી રીતે પરંપરા બદલવાનો સંદેશ આપ્યો છે. આ જાહેરખબર હિંદુ ધર્મમાંની ધાર્મિક કૃતિનો ભૂલભરેલો અર્થ કાઢીને ગેરપ્રચાર કરનારી, ધાર્મિક કૃતિનું અપમાન કરનારી અને હિંદુઓની ધાર્મિક ભાવનાઓ દુભાવનારી છે. હિંદુ જનજાગૃતિ સમિતિ સદર જાહેરખબરનો નિષેધ કરે છે. હિંદુ ધર્મની 'કન્યાદાન' આ વિધિ મૂળમાં જ કન્યાને સન્માન આપનારી અર્થાત્ જ 'કન્યામાન' છે. તેથી 'વેદાંત ફેશન્સ લિમિટેડ' આ કંપનીએ સદર જાહેરખબર તરત જ પાછી લઈને હિંદુઓની બીનશરત ક્ષમાયાચના કરવી. જ્યાં સુધી એમ થતું નથી, ત્યાં સુધી 'હિંદુ સમાજે 'માન્યવર' બ્રાન્ડનો બહિષ્કાર કરવો' એવું અમે આવાહન કરી રહ્યા છીએ, એવું હિંદુ જનજાગૃતિ સમિતિના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી. રમેશ શિંદેએ જણાવ્યું છે.

આ જાહેરખબર દ્વારા 'કન્યાદાન' વિધિ એટલે એક રીતે મહિલાઓનું અપમાન હોવાનું દર્શાવ્યું છે. મૂળમાં આ વિધિ દ્વારા કન્યાદાન કરતી વેળાએ વર પાસેથી વચન લેવામાં આવે છે. કન્યા કાંઈ વસ્તુ તરીકે આપવામાં આવતી નથી, જ્યારે કન્યાના પિતા કન્યાનો હાથ વરના હાથમાં સોંપતી વેળાએ કહે છે, 'વિધાતાએ મને આપેલું વરદાન, જેને કારણે મારા કુળનો ઉત્કર્ષ થયો, તે તમારા હાથમાં સોંપુ છું. તે તમારા વંશની વૃદ્ધિ કરનારી છે. તેથી ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ રીતે ચારેય બાબતોમાં તેને પીડા આપશો નહીં અને તેની સાથે એકનિષ્ઠ થઈને રહેશો અને બન્નેજણ સુખેથી સંસાર કરશો.' ત્યારે 'નાતિચરામિ' બોલતા બોલતા વર કહે છે, 'તમને આપેલા વચનનું હું ઉલ્લંઘન કરીશ નહી.' આટલી શ્રેષ્ઠ આ વિધિને કહેવાતું પુરોગામીપણું બતાવીને હેતુપુરસ્સર બુદ્ધિભેદ કરીને હિંદુ ધર્મને બદનામ કરવાનો પ્રયત્ન છે. હિંદુ ધર્મમાં સ્ત્રીઓને જેટલું સન્માન આપ્યું છે, તે સમગ્ર વિશ્વમાંના કોઈપણ ધર્મમાં આપવામાં આવ્યું નથી; એટલું જ નહી પણ કેટલાક પ્રસ્થાપિત ધર્મોમાં તો સ્ત્રી સાથે માનવ તરીકે પણ વર્તન કરવામાં આવતું નથી. હિંદુ ધર્મમાં સ્ત્રીને દેવીનું સ્થાન આપ્યું છે. તેનું પૂજન કરવામાં આવે છે. પત્ની સિવાય ધાર્મિક વિધિઓનો આરંભ જ થઈ શકતો નથી. તેમ છતાં પણ હિંદુઓને લક્ષ્ય કરવામાં આવી રહ્યા છે. વર્તમાન સ્થિતિમાં 'હલાલા', 'ટ્રીપલ તલાક', 'બહુપત્નીત્વ' આ પ્રથાઓ, તેમજ 'સ્ત્રી શેતાન છે' એવું માનનારી વિચારસરણી અસ્તિત્ત્વ ધરાવે છે, આ બાબતે કોઈ વ્યક્તિ, જાહેરખબર તો દૂરની વાત છે, પણ સાદો નિષેધ કરવા માટે પણ આગળ આવતી નથી. સામાજિક આરોગ્ય ટકી રહે, તેથી 'વેદાંત ફેશન્સ લિમિટેડ' કંપની પર ગુનો દાખલ કરીને કાર્યવાહી કરવી અને જાહેરખબરો માટે 'સેન્સોર બોર્ડ'ની સ્થાપના કરવી, એવી માગણી પણ કેંદ્ર સરકાર પાસે કરવાના હોવાનું શ્રી. શિંદેએ કહ્યું.

# રાજીનામું આપવાની કળા

લેખનું શીર્ષક ખરેખર તો 'રાજીનામું અપાવવાની કળા' એવું હોય તો લોકોને વધારે રસ પડે. પણ હકીકત એ છે કે રાજીનામું અપાવવામાં કોઈ કળાની જરૂર હોતી નથી. એમાં તો, આંખ કાઢીને એક લીટીમાં કહી દેવાય તો પણ કામ થઈ જાય. પછી બાકીના પુસ્તકમાં લખવાનું શું? રાજીનામું અપાવનારને જાહેરમાં કેવો મહાન કહેવો પડે છે અને તેના વિશેનો સાચો અભિપ્રાય કેમ ખાનગી રાખવો પડે છે, તેની મજબૂરીભરી મૂંઝવણ?

કળા જેવી કળા જેને કહેવાય એ તો છે રાજીનામું આપવાની કળા. જાણતલો કહેશે કે ઘણા સમયથી આજ્ઞાંકિતતાનો મહાસાગર બની રહેલા લોકોને છેલ્લો કટોરો ઝેરનો પીવામાં એટલે કે રાજીનામું આપવામાં શી તકલીફ પડે? તેમને તો 'લાઈ હયાત આયે, કઝા લે ચલી ચલે/ અપની ખુશી ન આયે, ન અપની ખુશી ચલે'—એ શેર પ્રમાણે, પોતાની ઈચ્છાથી આવવાનું નથી હોતું ને પોતાની ઈચ્છાથી જવાનું પણ નથી હોતું. તો પછી હાયહાય શાની ને એવા કામમાં કળા પણ કેવી?

વાસ્તવમાં સાવ એવું નથી. લોકો ગમે તે માને, નેતાઓ, સત્તાધીશો—ખાસ કરીને રાજીનામું આપનારા-- આખરે માણસ હોય છે. ચેનલોનાં માઈકની સામે પક્ષની શિસ્ત અને સંગઠનની શક્તિની ચ્યુંઈંગ ગમો ચાવ્યા પછી તેમનું પણ મોં દુખી જાય છે અને થાક લાગે છે. એ વખતે મોં હસતું રાખવા માટે અને હૃદયભંગથી બચવા માટે પણ રાજીનામું આપવાની કળા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આર્ટ ઑફ લિવિંગના વર્ગો ચાલતા હોય, તો આર્ટ ઑફ રિઝાઈનિંગના ક્લાસ, ભલે મર્યાદિત વિદ્યાર્થીઓ માટે, ભલે કોઈ પણ વયજૂથના લોકો માટે, ભલે ખાનગી રાહે, પણ કેમ નહીં?

વિવેચકો અને ઝીણું કાંતનારા પૂછશેઃ રાજીનામું આપવાની કળા એ 'કળા ખાતર કળા' છે કે 'જીવન ખાતર કળા'? તે પાશ્ચાત્ય પ્રભાવથી પ્રેરિત છે કે ભારતીય સંસ્કૃતિથી? પહેલા સવાલનો જવાબ સ્પષ્ટ છેઃ આ જીવન ખાતર, વધુ ચોખવટથી કહીએ તો રાજકીય જીવન ટકાવી રાખવા ખાતરની કળા છે. રાજીનામું આપ્યા પછી સત્તા અને પદ તો જતાં રહે છે, પણ ત્યાર પછીનું જીવન સાવ રાજકીય વનવાસમાં ન જાય રાજીનામા પછી પણ રાજકીય જીવન શેષ રહે, તેના માટે સૂચના મળ્યે રાજીનામું ધરી દેવું જરૂરી છે. તેના આધારે ભવિષ્યમાં બીજા કોઈ હોદ્દાની સંભાવના રહે છે. પરંતુ ઉપરથી કહેવા છતાં રાજીનામું આપવાનો ઈક્રાર કરવાનો તો ઠીક, તે માટેનાં કારણ જાણવાનો પણ પ્રયાસ કરવામાં આવે, તો તે ગેરશિસ્ત લેખાઈ શકે છે. ત્યાર પછી અડવાણીની જેમ અનંત પ્રતિક્ષા પ્રાપ્ત થાય છે. રાજીનામું આપવાની કળા આવડતી હોય તો ગાલ લાલ રાખી શકાય છે અને તે લાલીને તમાચાની અસર નહીં, પણ તંદુરસ્તીનું પ્રતીક ગણાવી શકાય છે. પાળીતાઓ આવા ફરજિયાત આપવા પડેલા રાજીનામાને પણ નૈતિક જીત કે એવું કશું નામ આપીને, પીછેહઠને આગેકૂચ તરીકે વર્ણવી શકે છે.

રહી વાત પ્રભાવને લગતા સવાલની. તો પાશ્ચાત્ય વડાઓ ભલે પોતાની માલિકીની કંપનીઓમાંથી વેળાસર નિવૃત્ત થઈ જતા હોય, પણ એ પરંપરાનાં મૂળ વાનપ્રસ્થાશ્રમની પરંપરામાં રહેલાં છે. રાજીનામું આપીને, દૂરના ભવિષ્યમાં ફરી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવાની આશા જીવતી રાખીને, કામચલાઉ વાનપ્રસ્થમાં જવાનું પગલું ભારતીય પરંપરાને પણ શોભાવનારું છે. આમ, શિસ્તની શિસ્ત, સંસ્કૃતિની સંસ્કૃતિ ને ઉજળી સંભાવનાઓ—આવા ત્રિવિધ ફાયદા રાજીનામું આપવાની કળા દ્વારા મેળવી શકાય છે.

કેટલીક વાર માણસને રાજીનામું લખવાની તક સુદ્ધાં મળતી નથી. રાજીનામું આપવાની કળા ત્યારે પણ ઉપયોગી નીવડે છે. તેના પ્રતાપે ત્યાગ, વિરક્તી, વૈરાગ્ય, નિઃસ્વાર્થ સેવા, સમર્પણ, વફાદારી, કર્મણ્યેવાધિકારસ્તે... વગેરે શબ્દો સાથેની વાતો કરીને પોતાની ઉચ્ચ નૈતિક ભૂમિકા દર્શાવી શકાય છે. તેમના પગ નીચેથી જાજમ ખેંચાઈ ગઈ હોવાને કારણે શારીરિક ભૂમિકા તો અમસ્તી પણ, જમીન પરથી ઉછળીને પટકાતાં પહેલાં હોય એવી 'ઉચ્ચ' જ હોય છે.

કેટલાક લોકો એવા હોય છે, જે બીજા પાસેથી રાજીનામું લઈ લેવા અંગે ઉત્સાહી હોય અને રાજીનામું આપવાની પવિત્ર ચેષ્ટાનું પુણ્ય હંમેશાં બીજા કમાય એવું જ ઈચ્છતા હોય છે. તે પોતે કદી રાજીનામું આપતા નથી. એટલું જ નહીં, તેમણે રાજીનામું આપવું જોઈએ એવો વિચાર સુદ્ધાં જેના મનમાં આવતો જણાય, તેનું રાજીનામું તે પહેલી તકે પડાવી લે છે. પહેલાંના સમયમાં નેતાઓનું એટલું વજન રહેતું કે નેતાઓ રાજીનામાની ધમકી આપીને ધાર્યું કામ કઢાવી શકતા હતા. એ વખતે, સ્વીકાર ન થાય એવી રીતે રાજીનામું આપવાની કળાની બોલબાલા હતી. પરંતુ ઘણા સમયથી એ કળાનાં વળતાં પાણી છે.

હવે તો સત્તાધારી પક્ષના બે સિવાયના નેતાઓને હંમેશાં ટેન્શન રહેતું હશે કે ગમે ત્યારે તેમની પાસેથી રાજીનામું લઈ લેવામાં ન આવે. સત્તાધારી પક્ષનો હાઈકમાન્ડ જે રીતે રાજ્યોના મુખ્ય મંત્રીઓનાં રાજીનામાં માગી લે છે તે જોતાં, સરકારમાં ક્યાંક એક નવું રાજીનામા મંત્રાલય ઊભું કરવું પડે તો પણ નવાઈ નહીં. એ મંત્રાલયના મંત્રી પોતે દાખલો બેસાડવા માટે દર મહિને રાજીનામું આપે અને નવા નેતાને એ મંત્રીપદની તક આપે. એવું થાય તો રાજીનામા સાથે સંકળાયેલો ખોફનો માહોલ હળવો થશે અને ભારતીય પ્રજા જેમ પેટ્રોલના તોતિંગ ભાવવધારા સાથે જીવતાં શીખી ગઈ, તેમ નેતાઓ રાજીનામા માગી લેતા હાઈકમાન્ડ સાથે હસીખુશીથી જીવતાં શીખી જશે. એ જ તો છે જીવન જીવવાની ખરી કળા.

ઉર્વીશ કોઠારી

# અમદાવાદમાં ઈલેક્ટ્રિક વાહનોને ચાર્જ કરવા માટે ૩૦૦ જગ્યાએ ચાર્જિંગ સ્ટેશનો બનાવાશે


અમદાવાદ ,તા.૨૨

કેન્દ્ર અને રાજ્ય સરકારે ઈલેકટ્રિક વાહનોના વપરાશને પ્રોત્સાહન આપવા જાહેર કરેલી નિતી બાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી પણ ઈલેકટ્રિક વાહન ચાર્જિંગ પોલીસી-૨૦૨૧ તૈયાર કરવામાં આવી છે.આ પોલીસી હેઠળ આવનારા ત્રણ મહિનામાં શહેરમાં અલગ અલગ ૩૦૦ સ્થળોએ ઈલેકટ્રિક વાહનોના ચાર્જિંગ માટે ચાર્જિંગ સ્ટેશન બનાવવા માટેના લોકેશન નકકી કરવામાં આવશે.ચાર્જિંગ સ્ટેશન બનાવવા માટે મ્યુનિ.તરફથી એક રુપિયાના ટોકન ભાડાથી ચોરસ મીટરના ભાડુ નકકી કરી જગ્યા ફાળવવામાં આવશે.આ સ્થળ ઉપર નિયત કરેલા ચાર્જર લગાવવાના રહેશે.આ તમામ લોકેશનોનો મેપ તૈયાર કરી તેને મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ ઉપર પણ મુકવામાં આવશે.અમદાવાદ શહેરમાં ઈલેકટ્રિક વાહનનો વપરાશ વધે એ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઈલેકટ્રિક વાહન ચાર્જીંગ પોલીસી તૈયાર કરી છે.આ પોલીસી હેઠળ શહેરમાં ૩૦૦ જેટલા સ્થળોએ ચાર્જિંગ સ્ટેશનો બનાવવામાં આવશે.

# રાષ્ટ્ર સેવિકા સમિતિના અખિલ ભારતીય પ્રમુખ સંચાલિકા માનનીય શાંતાક્કાજી સૌરાષ્ટ્રના પ્રવાસે

**રાજકોટમાં આત્મીય યુનિવર્સિટીના ચેર ઓડિટોરિયમમાં ભારતના પુનઃ નિર્માણમાં મહિલાઓનું યોગદાન વિષય પર ૨૬ સપ્ટેમ્બરના રોજ સાંજે ૪:૩૦ કલાકે ઉદ્‌બોધન કરશે.**







રાજકોટઃ રાષ્ટ્ર સેવિકા સમિતિ સમગ્ર દેશમાં અને વિદેશોમાં પણ બહેનોને સંગઠિત કરી સંસ્કાર ક્ષમ અને સુરક્ષિત કરવાનું કાર્ય કરે છે. મહિલાઓને રાષ્ટ્રભક્તિ, સેવા, સમર્પણ, શૌર્ય, ત્યાગ અને બલિદાનના સંસ્કારોનું સિંચન કરે છે. ભારત વર્ષને વિશ્વ ગુરુ બનાવવામાં યોગદાન આપવા માટે પ્રેરિત કરે છે.

સમગ્ર દેશ જયારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ×આઝાદીનો અમૃત મહોત્સવ× ઉજવી રહ્યું છે, ત્યારે બહેનો પણ રાષ્ટ્ર વિકાસના આ મહાયજ્ઞમાં આહુતિ અર્પે એવા પવિત્ર ઉદ્દેશથી સેવિકા સમિતિ કાર્યરત છે. આ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રભક્ત સંગઠનના રાષ્ટ્રીય પ્રમુખ સંચાલિકા વંદનીય શાંતાક્કાજી સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રવાસે તારીખ ૨૬ સપ્ટેમ્બરના રોજ પધારી રહ્યા છે. રાષ્ટ્ર સેવિકા સમિતિ દ્વારા ×ભારતના પુનઃ નિર્માણમાં મહિલાઓનું યોગદાન× વિષય પર વંદનીય શાંતાક્કાજીના માનનીય પ્રવચન નું આયોજન કરવામાં આવ્યું છે.

સમગ્ર સૌરાષ્ટ્રની સામાજિક, શૈક્ષણિક, સ્વેચ્છિક, રચનાત્મક અને સેવિકા સમિતિ સંલગ્ન સેવિકા બહેનો માટેના આ બૌદ્ધિક કાર્યક્રમમાં આત્મીય યુનિવર્સિટી ના પ્રો. ચાન્સેલર પ્રો. શીલા રામચંદ્રન, સાંખ્યયોગી બહેન પૂજ્ય શ્રી સુબોધ બહેન, રાજકોટના સ્ત્રીરોગ નિષ્ણાત ડૉ. અમીબેન મહેતા અને સમિતિના ક્ષેત્ર કાર્યવાહિકા શ્રીમતી રાજશ્રીબેન જાની મુખ્ય મહેમાનો તરીકે ઉપસ્થિત રહેશે.

કાલાવડ રોડ સ્થિત આત્મીય યુનિવર્સિટીના કેમ્પસમાં મુખ્ય બિલ્ડિંગના પ્રથમ માળે આવેલા ચેર ઓડિટોરિયમમાં રવિવાર, તારીખ ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે યોજાયેલ કાર્યક્રમમાં વંદનીય શાંતાકકાજી ના પ્રવચનનો લાભ લેવા માટે રાષ્ટ્ર સેવિકા સમિતિ ના પ્રાંત સંચાલિકા શ્રીમતી હંસિકાબેન મણીયાર, પ્રાંત કાર્યવાહિકા શ્રીમતી નીતાબેન જાની, પ્રાંત સંપર્ક પ્રમુખ શ્રીમતી કાંતાબેન કથીરિયા અને રાજકોટ મહાનગર કાર્યવાહિકા જસ્મિનબેન પાઠકે વિશાળ સંખ્યામાં મહિલાઓને ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે.

નિવેદનના અંતમાં શ્રીમતી કાંતાબેન કથીરિયાએ કોરોના ગાઈડ લાઈનનું ચુસ્ત પાલન કરવાનું અને સમય પહેલાં ૧૫ મીનીટે સૌ બહેનો એ સ્થાન લઈ લેવા વિનંતી કરી છે.

## ઈસરી પોલીસે લાકડા ભરેલ ટ્રક પકડી

# અરવલ્લી :વન વિભાગ ગાઢ નિંદ્રામાં રહેતા પોલીસ વનવિભાગની કામગીરી કરતું હોય તેવી સ્થીતી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

એક તરફ સરકાર વૃક્ષ વાવો પર્યાવરણ બચાવોની ઝુંબેશ ચલાવવામાં આવે છે પરંતુ અરવલ્લી જીલ્લામાં કેટલાક વનવિભાગના ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ વીરપ્પનનો સાથે ભળી જઈને જીલ્લામાં વૃક્ષોનું ભારે માત્રામાં છેદન કરી ગેરકાયદેસર વેપલો કરી રહ્યા છે જીલ્લામાં થઇ રહેલ વૃક્ષોનું છેદન અન્ય જિલ્લાઓમાં વિવિધ વાહનો મારફતે પગ કરી જાય છે વનવિભાગ તંત્ર ધુતરાષ્ટ્રની ભૂમિકા ભજવી રહ્યું હોય તેવું વન્ય પ્રેમીઓ અહેસાસ કરી રહ્યા છે ઈસરી પોલીસે વાવકંપા નજીક ગેરકાયદેસર લાકડાનો જથ્થો ટ્રકમાં અમદાવાદ ઘર કરી જાય તે પહેલા ઝડપી પાડી ફોરેસ્ટ વિભાગને સોંપતા ૧ લાખ રૂપિયાના શરતોને આધીન ટ્રક અને ટ્રક ચાલકને જામીન મુક્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

ઈસરી પોલીસ સ્ટેશન ઇન્ચાર્જ પીઆઈ વી.વી.પટેલ અને તેમની ટીમ તેમના પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગ હાથધર્યું હતું વાવ કંપા નજીક પેટ્રોલીંગ દરમિયાન લાકડા ભરેલ ટ્રક પસાર થતા અટકાવવી લાકડા વહનની પાસ પરમીટ માંગતા ટ્રક ચાલક રજુ ન કરતા ઈસર પોલીસે ગેરકાયદેસ લાકડા ભરેલ ટ્રક ડીટેઈન કરી આ અંગે મેઘરજ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટને સુપ્રત કરી હતી પોલીસે લાકડાની ગેરકાયદેસર હેરાફેરીનો પર્દાફાશ કરતા વનવિભાગ તંત્ર દોડતું થયું હતું અને ટ્રક નંબર ના આધારે ટ્રક માલિક અમદાવાદ નરોડામાં રહેતા બિપીનભાઈ બાલુસિંહ પુવારને એક લાખ રૂપિયાના શરતોને આધીન જામીન મંજુર કર્યા હતા

# ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી જીએસએમએસ દ્વારા ઈમોશનલ ઈન્ટિલિજન્સ વિષય પર ૫ દિવસીય ઈ- સેમિનાર યોજાયો



ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) સંચાલિત ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ મેનેજમેન્ટ સ્ટડીઝ (જીએસએમએસ) દ્વારા “ ઈમોશલન ઈન્ટિલિજન્સ ” વિષય પર નેશનલ લેવલનો ૫ દિવસીય ઈ- સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જીટીયુના કુલપતિ પ્રો.ડૉ. નવીન શેઠના અધ્યક્ષતામાં આ કાર્યક્રમ યોજાયો હતો.

કુલપતિ પ્રો.ડૉ. નવીન શેઠે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં ડિગ્રી કે જ્ઞાન માત્રથી જ ટીમ મેનેજમેન્ટ અને લિડરશીપ કરવું શક્ય નથી. ઈમોશનલ ઈન્ટિલિજન્સ એ ટીમ મેનેજમેન્ટ અને લિડરશીપ માટે મહત્વનો ભાગ ભજવે છે. મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પરીમલ વ્યાસે જણાવ્યું હતું કે, લિડરશીપ,સ્કીલ ડેવલોપમેન્ટ અને સંસ્થાગત એકમના વિકાસ જેવા મહત્વના પરીબળો માટે ઈમોશનલ ઈન્ટિલિજન્સ વિશેષ પ્રકારે મદદરૂપ થાય છે. તજજ્ઞોએ ઈમોશનલ ઈન્ટેલિજન્સના વિવિધ પાસાઓને આવરીને વિસ્તુત રીતે છણાવટ કરી હતી. જેમ કે, ઈમોશનલ ઈન્ટેલિજન્સ થકી સર્વાંગી વિકાસ , ભાવનાત્મક પરિબળો અને નેતૃત્વ , સ્વ-જાગૃતિ ,સહાનુભૂતિ અને સ્થિતિસ્થાપકતા વગેરે મહત્વના મુદ્દાઓને સાંકળીને તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. આ ઈ-સેમીનારમાં દેશની વિવિધ આઈઆઈટી અને આઈઆઈએમના ૧૪ થી વધુ વિષય પર તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. ૫ દિવસીય યોજાયેલા આ ઈ-સેમિનારમાં દેશના ૨૨ રાજ્યોના ૧૫૦થી વધુ ફેકલ્ટીઝ જોડાયાં હતાં.

આ કાર્યક્રમમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પરીમલ વ્યાસ, બેંકના રીટાયરી ડૉ. રોની ,જીટીયુના કુલસચિવ ડૉ. કે. એન. ખેર અનેજીએસએમએસના ડાયરેક્ટર ડૉ. પંકજરાય પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

# ધોળકા, વિરમગામની સરકારી કન્યા અને કુમાર છાત્રાલયોમાં પ્રવેશ માટે ૩૦ સપ્ટેમ્બર સુધી અરજી કરી શકાશે

અમદાવાદ જિલ્લાના ધોળકા અને વિરમગામની નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ અમદાવાદ હસ્તકની સરકારી કન્યા અને કુમાર છાત્રાલયોમાં પ્રવેશ માટેની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. તે મુજબ પહેલા અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧/૦૮/૨૦૨૧ હતી જેની મુદતમાં વધારો કરીને સરકારી છાત્રાલયમાં પ્રવેશ માટે ઓનલાઇન અરજી કરવાની મુદત વધારવામાં આવી છે અને હવે આ અરજીઓ ૩૦/૦૯/૨૦૨૧ સુધી કરી શકાશે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે પ્રવેશ મેળવવા ઇચ્છતા અને સરકારશ્રીએ ધરાવેલ માપદંડોની પાત્રતા ધરાવતા નવા ફ્રેસ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ પાસેથી પ્રવેશ માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવેલ છે.

ઓનલાઈન અરજી આ વેબસાઇટ http://esamajikalyan.gujarat.gov.in પર કરવાની રહેશે. તેમ નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બ્લોક-એ, ૧૦ મો માળ, બહુમાળી ભવન, લાલ દરવાજાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# વિરમગામ-વીરપુર વીડ ખાતે ૪૦૦ દેશી છોડનું વૃક્ષારોપણ કરાયુ



વૈશ્વિક સ્તરે જળ,જંગલ જમીન,જનાવર,અને ગુજરાતની ૨૪૨ પાંજરાપોળને સ્વાવલંબી બનાવવા માટે કાર્યરત એવી સેવા સંસ્થા સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી અને એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બર ગીરીશભાઈ શાહ વિરમગામ શહેરની ૧૭૫ વર્ષ જૂની ખોડાઢોર પાંજરાપોળ સંસ્થાના વીરપુર વીડ ખાતે આવ્યા હતા. અબોલ પશુઓ માટે હરહંમેશ કાર્યરત એવા ગિરીશભાઈ શાહનાં વરદ હસ્તે અબોલ પશુઓને શાતા મળે તે હેતુથી વીરપુરની જગ્યામાં અંદાજિત ૪૦૦ દેશી વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે વિરમગામ શહેરના જૈન સમાજના શ્રાવક શ્રાવિકાઓ ઉપસ્થિત રહ્યા હતા.વિરમગામ ખોડાઢોર પાંજરાપોળ સંસ્થા તેમજ મહાવીર જીવદયા મંડળના સભ્યો દ્વારા ગીરીશભાઈ શાહનું તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતું, તેવું િમતલ ખેતાણી(મો.૯૮૨૪૨૨૧૯૯૯)ની યાદીમાં જણાવાયું છે.

# અતિભારે વરસાદથી માણાવદર તાલુકામાં થયેલું પાક ધોવાણ ને નુકસાનીનો સરવે કરવા માગણી



માણાવદર તાલુકા પંચાયતના ઉપપ્રમુખ જયેશભાઈ બી. ડાંગર અને વજુભાઈ ઝાલાવાડીયાએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ને એક આવેદનપત્ર પાઠવી જણાવ્યું છે કે ઓણ સાલ માણાવદર તાલુકામાં અતિભારે વરસાદ પડવાથી ખેડૂતોના પાકને મોટાપાયે નુકસાન થયું છે.જમીન -ખેતરો ધોવાઈ ગયા છે આ ધોવાણનુ કારણ ઓઝત ડેમ તથા ભાદર ડેમ તેમજ માણાવદરની ઉપરવાસમાં આવેલ તમામ ડેમના દરવાજા ખોલી નાંખવામાં આવતા આ તાલુકાના ગામડા તથા ઘેડ વિસ્તાર ગણાતા ગામડાઓમાં ભારે તારાજી થઈ છે તો આ તબાહી નો સર્વે કરવા જયેશભાઈ ડાંગર અને વજુભાઈ ઝાલાવાડીયાએ મુખ્યમંત્રી તથા કૃષિ મંત્રીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે

તસવીર અહેવાલ -જીગ્નેશ પટેલ માણાવદર

## આયુષ્યમાન કાર્ડના હોત તો હું અપંગ થઈ જાત :લાભાર્થી રીયાઝ પઠાણ

# પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) :આયુષ્યમાન ભારતના ૩ વર્ષ પૂર્ણ



મધ્યમપ્રદેશના ઉજ્જૈન જિલ્લાના રહેવાસી રીયાઝ ખાન પઠાણ મજૂરી કામ કરી જીવન ગુજરાન ચલાવે છે. પરિવારમાં પાંચ બાળકોની જવાબદારી તેમના શિરે છે. લાંબા સમયથી કમરમાં દુખાવો રહેતા તેઓને હલન-ચલનમાં તકલીફ પડી રહેતી હતી.ઈન્દોર ખાતેની હોસ્પિટલમાં સારવાર માટે ગયા. ત્યાના તબીબોએ સર્જરીની તો ખાતરી આપી પરંતુ તે સંપૂર્ણપણે સફળ થશે કે નહીં તેના પર પ્રશ્નાર્થ મૂકી દીધો......!!

વળી આ સર્જરી માટે ૩ થી ૪ લાખનો ખર્ચ થશે તેમ પણ કહેવામાં આવ્યું. રીયાઝ પઠાણ માટે આટલી માતબર રકમ એકઠી કરવી અસંભવ હતુ.જેથી તેઓએ પીડા સાથે જ જીવવાનું નક્કી કર્યું.

લાંબા સમયથી પોતાના કમરના દુખાવાની તકલીફને લઈને ચિંતીત રહેતા રીયાઝને સગા-વ્હાલાઓ તરફથી અમદાવાદની સિવિલ હોસ્પિટલના તબીબો દ્વારા આ પ્રકારની જટીલ સર્જરી સફળતાપૂર્વક કરી આપવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું. રીયાઝભાઈને આશાની કિરણ જાગી અને વિના વિલંબે તેઓ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવી પહોંચ્યા.

સિવિલ હોસ્પિટલના તબીબો દ્વારા તેમના વિવિધ રીપોર્ટસ કરાવવામાં આવ્યા. જેમાં કમરના L-4 અને L-5 મણકામાં તકલીફ હોવાનું નિદાન થયું. જેના કારણે જ તેઓને હલન-ચલનમાં તકલીફ પડી રહી હતી.જેથી સિવિલ હોસ્પિટલના સ્પાઈન સર્જનોએ સર્જરી હાથ ધરી. લગભગ ચાર કલાક ચાલેલી સર્જરીના અંતે રીયાઝભાઈની સર્જરીનો અને તેની સાથે લાંબા સમયની પીડાનો પણ અંત આવતા તેઓ પીડામુક્ત બન્યા.

રીયાઝ ભાઈ સિવિલ હોસ્પિટલ અને ગુજરાત સરકાર પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરતા કહે છે કે,”આયુષ્યમાન કાર્ડ ન હોત તો હું અપંગ બની જાત”.આયુષ્માન કાર્ડ અંતર્ગત સમગ્ર સારવાર રીયાઝને નિઃશુલ્ક મળતા તેમની ખુશીનો પાર ન રહ્યો.તેઓએ અમદાવાદ સિવિલ હોસ્પિટલના વ્યવસ્થાપન અને સેવાઓની પણ સરાહના કરી હતી.

મધ્યપ્રદેશની હોસ્પિટલે ઓપરેશન સફળ થવાની ફક્ત ૧૦% ગેરંટી આપી હતી.જેથી મારી ચિંતામાં વધારો થયો હતો. પરંતુ સિવિલ હોસ્પિટલના તબીબોએ તેમની કુશળતા સાબિત કરીને મારી સ્પાઇનની સફળ સર્જરી કરી મને સંપૂર્ણપણે પીડામુકત કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા સમગ્ર દેશમાં ૨૩મી સપ્ટેમ્બર ૨૦૧૮ ના રોજ જનહિતલક્ષી આયુષ્યમાન ભારત અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી.જેને આજે ત્રણ વર્ષ પૂર્ણ થશે. આ ત્રણ વર્ષમાં આ યોજનાએ ખરા અર્થમાં અસંખ્ય દર્દીઓને પીડામુક્ત બનાવી તેમને આયુષ્ય આપ્યું છે. અમદાવાદ જિલ્લાના ૧૬,૨૪૬ દર્દીઓએ અંદાજીત ૩૮.૪૩ કરોડના ખર્ચે PMJAY કાર્ડ અંતર્ગત સારવાર મેળવી છે.

-અમિતસિંહ ચૌહાણ

# વિરમગામ સહિત અમદાવાદ જીલ્લામાં એક્ટિવ ટીબી કેસ ફાઈન્ડીંગ કામગીરી હાથ ધરાઇ

**જીલ્લામાં ૩૮૩૯૧ લોકોની તપાસ કરીને ૨૨૯૪ ટીબીના શંકાસ્પદ દર્દીઓ શોધવામાં આવ્યા**



ભારત સરકાર દ્વારા ભારત દેશને ૨૦૨૫ સુધીમાં ટીબી રોગ નિર્મુલન કરવા માટે આહવાન કરેલ છે.જે અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ સુધીમાં ટીબી રોગનું નિર્મુલન કરવાનું નિયત કરેલ છે. આ હેતુને સિદ્ધ કરવા સંયુક્ત નિયામક (ટીબી) ગાંધીનગર ડૉ.સતીષ મકવાણાએ આપેલ સુચના અનુસાર ટીબીના તમામ કેશોને શોધી તેમને સારવાર પર મૂકી સંક્રમણની કડી તોડવામાં આવે તો ટીબીનો લક્ષાંક સિદ્ધ થઇ શકે. અમદાવાદ જીલ્લામાં ટીબી નોટીફીકેશનની કામગીરીને વેગ મળે તે માટે જીલ્લાના તમામ તાલુકામાં ૧૬-૦૯-૨૦૨૧ થી ૩૧-૧૦-૨૦૨૧ દરમ્યાન એક્ટીવ ટીબી કેસ ફાઈન્ડીંગ કામગીરી કરવામાં આવી રહી છે. એક્ટીવ ટીબી કેસ ફાઈન્ડીંગ કામગીરીનું માઈક્રોપ્લાનીગ કરવામાં આવ્યું જે અંતર્ગત ૨૦૧૯ પછીના ટીબીના દર્દીની ઘરે મુલાકાત લઈને દર્દીના આસપાસના ૧૦ ઘરોમાં તેમજ કોવીડ-૧૯, ડાયાબીટીક, એચ.આઈ.વી.ના દર્દીઓ હાઈરીસ્ક વસ્તી ગુણવતા સભર સર્વેની કામગીરી દ્વારા શંકાસ્પદ ટીબીના દર્દીઓ શોધી કાઢવા ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

જે સંદર્ભે આજરોજ સાણંદ નગર પાલીકા વિસ્તારમાં ટીબી કેસ ફાઈન્ડીંગ કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. આ સર્વેમાં જીલ્લા ક્ષય અધિકારી ડૉ.કાર્તિક શાહ, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.સંધ્યાબેન રાઠોડ તેમજ આરોગ્ય વિભાગના તમામ કર્મચારી હાજર રહ્યા હતા. અમદાવાદ જીલ્લામાં કુલ ૩૮૩૯૧ લોકોની તપાસ કરીને ૨૨૯૪ ટીબીના શંકાસ્પદ દર્દીઓ શોધવામાં આવ્યા અને જે પૈકી ગળફાની તેમજ એક્સરે દ્વારા ૧૭ નવા ટીબી દર્દીઓ શોધવામાં આવ્યા હતા તેમ જીલ્લા ક્ષય અધિકારીએ જણાવ્યુ હતુ.

**આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ PMJAY-MA મેગાડ્રાઇવનો શુભારંભ કરાવશે**

# આજે ૨૩ મી સપ્ટેમ્બરે સિવિલ હોસ્પિટલથી રાજ્યભરમાં થશે “આપ કે દ્વાર આયુષ્યમાન” મેગા ડ્રાઇવની શુભ શરૂઆત

રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ આજે ૨૩મી સપ્ટેમ્બરે અમદાવાદ સિવિલ મેડિસિટીમાં આવેલી સિવિલ હોસ્પિટલ ખાતેથી રાજ્યભરમાં “આપ કે દ્વાર આયુષ્યમાન” મેગાડ્રાઈવનો શુભારંભ કરાવશે.

સિવિલ હોસ્પિટલના અસ્મિતા ભવનમાં “આયુષ્યમાન ભારત દિવસની ઉજવણી અને “પી.એમ.જે.એ.વાય.-મા’ યોજનાના લાભાર્થીઓ માટે ગ્રીન કોરિડોર વ્યવસ્થાપનનું પણ લોકાર્પણ કરવામાં આવશે.

આ યોજના હેઠળ નિયત માપદંડો ધરાવતા લાભાર્થીઓ જિલ્લા હોસ્પિટલ, સબડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ, સી.એચ.સી, સંલગ્ન ખાનગી હોસ્પિટલો, સી.એસ.સી., (હ) કોડ સેન્ટર, UTI-ITSL,E-gram પરથી PMJAY-MA કાર્ડ મેળવી શકશે.

આ યોજના હેઠળ રાજ્યની ૧૮૭૨ સરકારી અને ૬૧૦ ખાનગી આમ કુલ ૨૪૮૨ હોસ્પિટલોમાં કેન્સર,હ્રદયરોગ, કિડનીને લગતા ગંભીર રોગો, બાળ રોગો, આકસ્મિક સારવાર, જોઇન્ટ રીપલેસમેન્ટ, ન્યુરો સર્જરી, ડાયાલિસીસ, પ્રસુતિ વગેરે જેવી ગંભીર અને અતિગંભીર બીમારીઓની કુલ ૨૬૮૧ જેટલી નિયત કરેલ પ્રોસીજર / ઓપરેશનને આવરી લેવામાં આવે છે.

રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી શ્રીમતી નિમિષાબેન સુથાર અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી પ્રદીપભાઇ પરમાર પણ આ લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી મનોજ અગ્રવાલ, આરોગ્ય સચિવ કમ કમિશ્નર શ્રી જયપ્રકાશ શિવહરે, નેશનલ હેલ્થ મિશનના ડાયરેક્ટર શ્રીમતી રેમ્યા મોહન, આરોગ્ય વિભાગના ચીફ પર્સોનેલ ઓફિસર શ્રી અજય પ્રકાશ , અધિક નિયામક સર્વ ડૉ. આર.કે. દિક્ષીત, ડૉ. તૃપ્તી દેસાઇ ઉપસ્થિત રહેશે.

અમિતસિંહ ચૌહાણ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK